સુધરેલી રીત મુજબ

વર્નાક્યુલર ટ્રેકસ્ટ બુકસ રીવિઝન કમિટિએ

તૈયાર કરેલી.

ત્રીજી ચોપડીના અર્થ.

જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠના
સવાલ, [illegible] સાર; ભૂગોળના સવાલ; પાઠવાર
અઘરા શબ્દો; જોડાક્ષર; ડ્રિલ; ધાત.

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કંપની.
રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
છાપવાનું ઠેકાણું—શ્રી આર્યવિજય બાં. પ્રેસ ખાનપુરી ભાગળ
સુરત.

સંવત ૧૯૮૨] કિંમત રૂ. ૦-૫-૦ [સને ૧૯૨૫.

146

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

ત્રીજી ચોપડીના અર્થ.

પાઠ ૧.

બાળપોથી=નાના છોક-
રાને ભણવાની ચોપડી
મૂળાક્ષર=સ્વર અને
વ્યંજન
બારખડી=પદ
રમુજી=ગમત આપનાર
લાભ=ફાયદો
જોડાક્ષર=જોડેલા અક્ષર
જ્ઞાન=સમજ; ભાન
જોગ=લાયક
હકીકત=વાત
સરસ=સારી; મનને
પસંદ પડે એવી
ઉમંગથી=હોંસથી
ચિત્રો=ચિત્રામણ; છબી
આનંદ=ખુશી
હોશિયારી=ખબરદારી
વાક્ય=એક અથવા વધારે
શબ્દો મળી મનમાં
ધારેલ વિચાર જેથી
પુરો જણાવાય તે
વાર્તા=વાત
બોધ=શિખામણ
બારીક=ઝીણી
મુકાબલો=સરખામણી
ભૂગોળ=પૃથ્વીનો ગોળો
અધિકારી=ઉપરી
માહીતી=ખબર
રસીલી=ગમત ભરેલી
સંબંધી=વિષે; બાબત
સારી=રૂડી
નમુના=નકલ
નજર કરો=ધ્યાન આપો;
વિચારો
સામાન્ય=રોજ વપરાશ-
માં આવતી
વર્ણન=વિગતવાર કહેવું
તે; બ્યાન
તોળવા=જોખવા; તોકવા
સોદો=માલ; ચીજ
છેતરાશો=ઠગાશો
ઉતાવળે આંબા ન પાકે=
ઘણી ઝડપ કરવાથી
કામ થાય નહિ
ધ્યાન=ચિત્ત; મન
ખાતરી=ભરોસો
પોપટીઉં=ઉપલકીઉં;
સમજ વગરનું
જુની ચોપડી=પાછલી
ચોપડી; બીજી, પહેલી
બાળપોથી.

સાર- (૧) ભણવામાં ઉતાવળ કરવી નહિ (૨) જે વાત વાંચવામાં આવે તે ખરી છે કે ખોટ તેની જાતે માહીતી મેળવવી.

પાઠ ૨. ભાગ ૧.

લિપિ=ભાષા
સિવાય=વગર
બાળાણી=બાળબોધ
જુના=પહેલાંના

પંડિતો=વિદ્વાન; ઘણું ભણેલા
માથું=ઉપલો ભાગ
અંક=આંકડા
અનુસ્વાર=ટપકું
વિસર્ગ=કંઇક હકારનો ઉચ્ચાર થાય એવું ચિહ્ન અક્ષરની જોડે બે ટપકાં મૂકવાં તે
પ્રમાણે=મુજબ

પાઠ ૨. ભાગ ૨.

નીપજે=થાય
લહીઓ=સારા અક્ષરનો લખનાર
લપટાવું=ફસાઇ પડવું
લાલચ=લોભ
નર્યા=રોગ વગરના
જાતે=પોતે
શ્રદ્ધા=ભરોસો; વિશ્વાસ
ઉદ્યોગી=મહેનતુ
ચેન=સુખ; નિરાંત
ઠાઠ=ડોળ; ભપકો
ફક્કડ=સહેલાણી; છેલ
ખાલી=નકામો; ફોકટ
અજુકતું=અઘટતું
અસલ=અગાઉ.
વિદ્યાભ્યાસ=ભણવું તે
ઝાઝો=ઘણો
મેળવી=સરખાવી

પાઠ ૩.

ટટ્ટુ=નાનો ઘોડો
બજાર=હાટ. ચૌટું
દોરે=લગામ પકડીને આગળ ચાલે
છતે=છે
હડહડતો=પુરેપુરો
કળિયુગ=ખરાબ વખત
દૂર=છેટે
બૂમ=હાંક
બુદ્ધિ=અક્કલ
ફરી ગઇ=જતી રહી
રાજાના કુંવર જેવા=કોમળ
ખરે બપોરે=મધ્યાને
હિંડાડે=ચલાવે
ખર્યું પાન=ઘરડો; વૃદ્ધ
શરૂમાઇ=શરમાઇ
જોસબંધ=જોરથી
શ્રાવક=જૈન ધર્મ માનનાર
સંઘ=જાત્રાળુઓનું ટોળું
ઘાતકી=દયા વગરનો; નિર્દય
ભાર=વજન; બોજો
વીખરાઇ જશે=અછવ ઇ જશે
ખભે=ખાંધે
વખતસર=બરાબર વખતે
પૂલ=નદી કે ખાડીપરથી જવા આવવાને માટે બાંધેલો રસ્તો
તોફાન=મસ્તી
ફીકે મોઢે=ફીકે મોઢે; દીલગીર ચહેરે
પસ્તાયા=દીલગીર થયા
સલાહ=વિચાર
દશા=હાલ; હાલત; દશા

સાર–આપ બુદ્ધિએ જયજયકાર. પરબુદ્ધિએ પ્રલયકાર. માટે આપણી પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલવું; પણ આપણી બુદ્ધિ ખરે રસ્તે દોરવે છે

કે ખોટે તેનો વિચાર કરવો.

પાઠ ૪.

ધણીધણિઆણી=સ્ત્રી પુરુષ; વરવહુ
ઇશ્વરનીભક્તિ=ઇશ્વરનું ભજન
ગાળતાં=ગુમાવતાં; કાઢતાં
નરસિંહ ચૌદશ=વૈશાખ શુદ ચૌદશ
રૂપ=દેખાવ; શોભા; ખુબસુરતી
ભંડાર=ખજાનો
વાણીથી=બોલથી
પેદા=ઉત્પન્ન
ગુજરી ગયા=મરી ગયા
ઉછેરવાનું=મોટા કરવાનું
મા પર આવી પડયું=માને માથે પડયું
સ્વભાવ=ખાસીયત
સલાહ=વિચાર
મદદ=આસરો; આધાર
અસર=લાગણી
પરગજુ=પારકા પર ઉપકાર કરનાર
નીવડયો=નીકળ્યો
અભ્યાસ=મહાવરો; મંડયા રહેવું તે
શિક્ષક=મહેતાજી; ગુરુ
માનીતો=વ્હાલો; પ્યારો
નાની મોટી=સહેલી
બાબત=વિષય [અઘરી
ઇચ્છે=ચાહે
માઠું=ખોટું
સાંઢ=આખલો; ગોધો
પછાડી=પટકી; અફાળી
ધાર=રેશો
ખડખડ હસવા લાગ્યા=મશ્કરી કરવા લાગ્યા
અંતઃકરણ=મન; દીલ
એકદમ=ઓચિંતી
ફેંટો=માથે બાંધવાનું લુગડું
પાટો=લુગડાનો ચીરો
ઘા=જખમ
વખાણ=સારૂં કહેવું તે
જીવતો ઘેર આવત નહિ=મરી જતે
ખસ્યો નહિ=ગયો નહિ
વૈદ=દેશી દાક્તર
શુદ્ધિ=ભાન
પરગજુપણું=પરોપકાર; પારકાનું ભલું કરવાનો ગુણ
આશ્ચર્ય=નવાઇ

પાઠ ૫.

ઉમર=વરસ
ગુજરાન=ભરણપોષણ
પ્રીતિ=હેત; પ્યાર
દયાથી ઉભરાઈ આવ્યું=ઘણીજ દયા આવી
ખાડા પડયા=બેસી ગયું; કુવા પડયા
જીવ આવ્યો=શુદ્ધિ આવી
આશિષ=દુવા; આશિર્વાદ
ખૂંચેલો=પેસી ગએલો
કાંઠે=કિનારે
ડુબતો=બૂડતો
ઉંધો=અવળો
ટંગાવી=લટકાવી
પાડ=ઉપકાર
ઇનામ=ભેટ; બક્ષીસ

ચોભાય=ખોટી થવાય
ચાકું=વીચ
જંગલી=ઝાડી ખાનાર
પેઠો=દાખલ થયો
કૃપાથી=મહેરબાનીથી
ઇજા=દુ:ખ
ભાઇબંધ=દોસ્તદાર
સહીસલામત=સુખેથી; જોખમ કે અડચણ વગર
વિવાહ=લગ્ન
શામેલ=દાખલ

સાર—આપણે દરેક માણસના ઉપર ઉપકાર કરતાં રહેવું જેથી ઇશ્વર આપણા ઉપર ખુશી થશે અને આપણું ભલું થશે

પાઠ ૬.

અદલ=વાજબી
ઇન્સાફ=ન્યાય
પૈસાદાર=પૈસાવાળો
ગામઠી=મહેતાજીની
વળગ્યો=લાગ્યો
નસીબદાર=નસીબવાન; ભાગ્યશાળી
ધંધામાં=રોજગારમાં
ફાવતો ગયો=વધતો ગયો
ધન=પૈસો; દોલત
કીમતી=ઘણી કિંમતનો
ઘરેણાં=દાગીના
ઘડાવ્યાં=કરાવ્યાં
દોલત=પુંજી
ખરીદ્યા=વેચતા લીધા
આબરૂ=કીર્તિ
મરણ પથારી પર પડયા=મરવા પડ્યા
મરણ=મોત
મિલ્કત=પુંજી; દોલત
ભાગ=હિસ્સો; વહેંચણ
વર્તીશું=ચાલીશું
ત્રીજેભાગ=ત્રણભાગમાંનો એક ભાગ
નવમો ભાગ=નવભાગમાંનો એક ભાગ
કબુલાત=વચન; મોઢાનો બોલ
દહાડો પાણી=મરણ પાછળનો ખરચ
તોડ=ફેંસલો; નિક
દિવાન=પ્રધાન; વઝ
ઉમેર્યો=વધાર્યો
ખબર=જાણ, માહ
વાહવાહ=વખાણ

પાઠ ૭.

પોળ=શેરી
લખોટે=મંજે
સુશોભિતા=દેખાવડ
અટકાવ્યો=રોક્યો
નજીવી=નકામી; મા વગરની
ટેવ=આદત
પાપી=દુષ્ટ
સજા=શિક્ષા
આસપાસ=આજુબા
આકાશ=ગગન
અંતર=મન
આભાસ=અજવાળું તેજ
ચાસ=ખેતરમાં કરીને પાડેલા ઉભા લીટા
પાસ=પાસે; નજીક

વિશ્વપતિ=દુનિયાનો ધણી; પરમેશ્વર
વાસ=મુકામ; રહેઠાણ
ભોંયમાં=જમીનમાં
ઘડીએ=કરીએ; રચીએ
ઘાટ=વિચાર
જગતનો તાત=દુનિયાનો બાપ; પરમેશ્વર
ખોળીએ=શોધીએ
કણી=રજકણ; ઝીણામાં ઝીણો ભાગ
કાજ=માટે
જગકર્તા=દુનિયા બનાવનાર; પરમેશ્વર
વિના=વગર
ઠાલું=અમથું; ખાલી
ઠામ=ઠેકાણું

સાર–પરમેશ્વર બધેજ ઠેકાણે છે માટે આપણે ખોટાં કામ કરતાં બીવું. ખોટાં કામ ન કરવાં.

સમજુતી—આપણી આજુબાજુએ, ગગનમાં, અને મનમાં પરમેશ્વરનું તેજ છે; ઘાસ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે.(૧) ભોંયમાં પેસીને ભોંયરામાં કાંઇ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઇનું ભુંડું કરવાના) વિચાર કરીએ તો તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મૂકવાને માટે પરમેશ્વર વગરની કોઇપણ જગા શોધીએ પણ પરમેશ્વર વગરની કોઇપણ જગા ખાલી મળે નહિ. મતલબ કે બધેજ પરમેશ્વર છે.(૩)

પાઠ ૮.

વિશ્વસ્વામી=દુનિયાનો ધણી; ઇશ્વર
શીશ=માથું
નામી=નમાવી
શીશનામી=માથું નમાવી. પગે લાગી
આપદા=દુઃખ
ઉગારો=બચાવો
દીનાનાથ=ગરીબોનો ધણી; પરમેશ્વર
આધાર=આસરો; ટેકો; મદદ
પાળનાર=પોષણ કરનાર
સદા=હમેશાં; દરરોજ
ઉપકારો=પાડ; આભાર
રાંક=ગરીબ
અજ્ઞાન=સમજણ વગરનો; અણસમજુ
પ્રાણી=જીવ
તુંથી=તારાથી
અજાણી=જાણ્યા વગરની
ન અજાણી=અજાણી નથી; જાણીતી છે.
ક્ષમા=માફી
વાંક=ગુનો; તકસીર
મતિ=બુદ્ધિ; અક્કલ
છેક=ઘણીજ
દીલ=મન; અંતર
ધારો=આણો; લાવો
કુટુંબીજનો=સગાંવહાલાં
સારાં=નીરોગી; તંદુરસ્ત

શક્તિ=બળ	નિવારો=દૂર કરો; મટાડો; સ્તુતિ=વખાણ
દાસ=સેવક; ચાકર	ટાળો

સમજુતી—અરે! દેવના દેવ! જગતના ધણી–પરમેશ્વર હું તમને પગે લાગીને પ્રાર્થના કરું છું કે હે દયાળુ તમે મને દુઃખથી બચાવો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત તારોજ આસરો છે. (૧) હે પરમેશ્વર તમે બધાનું પોષણ કરનારા છો;અને હંમેશાં બધાનું દુઃખ મટાડનારા છો;તમે મારા પર કરોડો ઉપકારો કર્યા છે,હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૨) હું ગરીબમાં ગરીબ અને સમજણ વગરનો જીવ છું. મારી કાંઇ પણ વાત તમારાથી અજાણી નથી (મતલબ કે બધીજ તું જાણે છેજ) હે દયાળુ મારો ગુનો માફ કરો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૩) અમે નાના છોકરાઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ, કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછી છે, માટે મહેરબાની કરીને અમારી માગણી મનમાં લાવો; હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૪) અમે ને અમારાં જે સગાંવહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ, તમે અમને હંમેશાં સારા વિચારો આપજો. હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૫) મેં તમારી જરા પણ ભક્તિ કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શક્તિ મારામાં નથી, તોપણ દયા લાવીને (મહેરબાની કરીને) સેવકના દુઃખ મટાડો, હે ગરીબોના બેલી–પરમેશ્વર મને ફક્ત એક તારોજ આસરો છે. (૬)

પાઠ ૯.	રહેવા માટે ભોંયમાં	છાંયે=છાંયડે
દર=નાનાં પ્રાણી પોતાને	જે બાકાં પાડે છે તે	પંખામાં=હાવમાં; સુખ-

ટામાં
સપડાયલો=પકડાયલો; ઝલાયલો
કાલાવાલા=કરગરીને કહેવું તે; આજીજી
ગુનો=વાંક
આફત=આપદા; દુઃખ
સેવક=ચાકર; દાસ
જીવતદાન=કોઇનો જીવ બચાવવો તે
હસીને=મશ્કરી કરીને
મગરૂરી=શેખી; પતરાજી
ગર્વ=મગરૂરી
વન=જંગલ
ભાન=સમજ; અક્કલ
જાળ=ફાંદો
ફાંફાં=ખોટી મહેનત
છુટાયું=નીકળાયું
અકળાયો=ગભરાયો
સાટું=બદલો
વાળવાનો=આપવાનો
મહારાજ=મોટા રાજા
બજાવશે=કરશે
છૂટો થયો=નીકળ્યો
અત્યારે=હાલ; હમણાં
સાંભરતી=યાદ આવતી
હસતો હતો=મજાક કરતો હતો
તરણા સરખું=તણખલા જેવું; નકામું; નજીવું
બેવડો=બમણો
ગર્વ-ગર્વ કરવો નહિ

પાઠ ૧૦.

પરચુરણ=જુદી જુદી જાતના
ફેરી=વેચવા ફરવું તે
ફેરી કરી=ફરીને છુટક વેચી
ગુજરાન=ગુજરો
ઘરાક=સોદો લેનાર
ખોટી=ગેરવાજબી
કિંમત=ભાવ
છેતરતો=ઠગતો
શાખ=આબરૂ; ભરોસો
ઠરાવ્યા=નક્કી કીધા
સામાન=વસ્તુ; ચીજ
પ્રમાણિક=વહેવારમાં સાચો
પ્રમાણિક રહેતો=ખરી રીતે ચાલતો
મોહનમાળા=ડોકમાં પહેરવાની સોનાની માળા
જડી=મળી
પોલીસ=રૈયતનું રક્ષણ કરનાર માણસ
થાણું=ચોકી
પોલીસ થાણાનો અમલદાર=નાયક
ફરજ=જરૂર, અગત્ય
વાણી=બોલ; શબ્દ
માફક=પેઠે
કમાયો=પેદા કીધું
દુકાન=માલ વેચવાનું ઠેકાણું
શરૂ કર્યો=કરવા માંડયો
ભાવ=કિંમત મૂલ
કાશી=ગંગા નદી પર શહેર છે; બનારસ
આગ્રહ=કાલાવાલા; તાણ
કોલેરો=ઝાડો ને ઉલટી થાય તે રોગ

લાગુ પડવાથી=થવાથી
મહા મુશ્કેલી=ઘણી
 મુશીબત
વિધવા=જેનો ધણી મરી
 ગયો હોય તે સ્ત્રી
ધન્ય=શાબાશ
સાર-કોઇનું પણ
 હરામનું લેવાની કદી
 ઇચ્છા રાખવી નહિ
 જો આપણે કોઇનું
 હરામનું લઇએ તો
 તેની સાથે આપણી
 પાસે હોય તે પણ જાય

પાઠ ૧૧.

ખેડી ખાવાને=ખેતી કર-
 વાને
સુરંગ=જેલ; કેદખાનું
છંદ=નઠારી ટેવ
જાપ્તો=ચોકસી; તજ-
 વીજ
લાગ=દાવ
ધનવાન=પૈસાદાર;
 શ્રીમંત
વિકટ=બિહામણું
રાહ=વાટ
ચોકીદારો=ચોકી કરનાર
દ્રવ્ય=નાણું
લૂંટી=ખુંચાવી
પાળ=કારણ
તાલેવંત=પૈસાદાર
મિઠાઇ=ગળ્યું ખાવાનું;
 બરફી પેંડા વગેરે
સુખે=નિરાંતે
નસીબ=ભાગ્ય
કંદોઇ=સુખડીઓ
મેળ્યું=મેળવ્યું
તાકયું=ધાર્યું; ઇચ્છયું
મડદાં=મુડદાં; મરી
 ગએલાં પ્રાણીઓ
ગીધ=ફાડી ખાનારું
 મોટું પક્ષી
મગર=ગરોળીથી પચીસ
 ગણું મોટું પાણીમાં
 રહેનારૂં પ્રાણી
વાવે=રોપે
લણે=લે
પામે=મળે
સાર-"વાવે તેવું લણે
 ને કરે તેવું પામે"
 "ખાડો ખોદે તેજ
 પડે"

પાઠ ૧૨

વર્તણુક=રીતભાત
સહન થઇ શકયું નહિ=
 ખમાયું નહિ
ઉપાય=ઇલાજ
ફોસલાવી=ખોટું સમજાવી
જુલમ=જબરાઇ
રૂચતી=ગમતી
નીચ=પાપી
કંઇ બાકી રાખતો
 નથી=ઘણુંજ કરે છે.
ગંધર્વ=ગવૈયાની એક
 જાત;સ્વર્ગમાં ગાનારા
અપકાર=અવગુણ; ભુંડું
 કરવું તે
ગળગળા=છાતી ભરાઇ
 આવેથી નરમ થએલા
આકૂતો=અડચણો
ગુસ્સે થતા=ક્રોધે ભરાતા
સાર-કોઇ આપણું

ભુંડું કરે તોપણ
આપણે તેનું ભલુંજ
કરવું. તેથી ઇશ્વર
આપણા ઉપર રાજી થશે.

પાઠ ૧૩.

ન્યાયાધીશ=ઇન્સાફ
કરનાર
અદલ=ખરો; વાજબી
રાજકાજ=રાજકારભાર
કચેરી=દરબાર
ચર્ચા=વાતો; વિચાર
સાક્ષી=વાત જાણનાર
અચરજ=નવાઇ
હક=માલકી; દાવો
ગળેપડુ=ખોટો હક કર-
નાર

સાર—હરામનું લે-
વાની ટેવ રાખવી નહિ.

પાઠ ૧૪.

ગૃહસ્થ=કુટુંબકબીલા-
વાળો સારી સ્થિતિનો
માણસ
કકડીને=ઘણીજ; સખત
નિસાસો=દુઃખ કે દીલ-
ગીરીને લીધે શ્વાસ
નાખવો તે
અભાગીઓ=કમનસીબ;
અકર્મી
કરમાઇ ગયું=ફીકું પડી
ગયું; ઉતરી ગયું
ફરમાવ્યું=હુકમ કર્યો
ટેકો=આધાર; આસરો
કાયમ=હંમેશાં
કદાપિ=કોઇવાર
તંગી=તંગાસ; ભીડ
મટી=દૂર થઈ; ટળી

સાર—આપણી બધી
ઇંદ્રિયો સાજી છે માટે
ઇશ્વરનો પાડ માનવો
અને એ ઇંદ્રિયોનો
સારો ઉપયોગ કરવો.

પાઠ ૧૫.

વસ્તી=વાસો; રહેઠાણ
મશ્કરી=મજાક
નોતરું=જમવાનું કહેણ
રંગીત=રંગેલો
સુશોભિત=દેખાવડા
છાછરો=જરાક ઉંડો ને
પહોળો
થાળ=મોટી થાળી
ચપચપ=ઝપઝપ
ખામી=ખાંપણ; ખોડ
ભાવ=હેત; પ્યાર
ભોળા=પાપ વગર
આગ્રહ=કાલાવાલા
માન્યા વગર=કબુલ કર્યા
વગર
ખાતર=અરદાસ
સાટું=બદલો
મોં મલકાવી=મોં હસતું
રાખી
સ્વાદે=લહેજતથી
શરમાયું=લજવાયું

સાર—કોઇની મશ્કરી
કરવી નહિ, જો આપણે
કોઇની મશ્કરી કરીએ
તો તે આપણી કરે.

પાઠ ૧૬.

સત્ય=સાચું
સતનું=સાચાનું
ચિંતન કરવું=વિચાર
કરવો.

સત=સાચું
વાક્ય=શબ્દ; વચન
ઉચરવું=બોલવું
અસત્ય=ખોટું
જશથી=આબરૂથી
ઝળકીત=પંકાએલા; વખણાએલા
જગે=દુનિયામાં
બીજ=બી
વૃક્ષ=ઝાડ
વિશાળ=મોટું
ગુણકારી=ફાયદાકારી
ફળ=પરિણામ; ફાયદો
આશ્રય=આશરો
છાંયતળે=શીળામાં
પરિતાપ=દુઃખ
વસે=રહે

પ્રગટે=ફેલાય
છળ=લુચ્ચો
દુષ્ટમતિ=નઠારી બુદ્ધિ
ભય=બીક; બો
હટે=નાશ પામે; હઠે
જોગ=બનાવ; કારણ
ઢુપાઇ જશે=ઢંકાઇ જશે જાહેરમાં આવશે નહિ
છેવટ=આખર
ઉજાસ=પ્રકાશ
ફરીને=બીજીવાર
દીપશે=પ્રકાશશે
આંચ=નુકસાન
કલેશ=દુઃખ
અનેક=ઘણાં
હરે=દૂર કરે; મટાડે
સમુ=સરખું; બરાબર
અન્ય=બીજું

ખરે=નક્કી
અતિ=ઘણો; બહુ
વિશ્વપતિ=દુનિયાનો ધણી; પરમેશ્વર
રીઝશે=ખુશી થશે.
સ્વર્ગ=દેવોનું રહેઠાણ
રીઝો=ખુશી થાઓ

સાર—સત્ય બોલવાથી જ લાભ થાય છે અને પરમેશ્વર ખુશ થાય છે. જુઠામાં જુઠો માણસ પણ એક દિવસમાં જુઠા કરતાં સાચુ વધારે બોલે છે, એ ઉપરથી ઇશ્વરને સાચુંજ ગમે છે એમ સાબીત થાય છે.

સમજુતી—અરે મારે સત્યનું ધ્યાન ધરવું અને નક્કી સાચું વચન બોલવું. કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનિયામાં આબરૂથી પંકાયલા રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે, સત્યરૂપી ઝાડની નીચે માણસો આસરો લેશે. તેથી તેમના દુઃખો જતાં રહેશે અને બધાં સુખ મળશે. (૨)

દુનિયાનાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે, માટે ખોટું કામ કરવાથી માણસ દુઃખમાં આવી પડશે. સત્યરૂપી સુરજનું તેજ ઘણું ફેલાય છે, તેથી કપટ અને નઠારી બુદ્ધિ (સત્યની) બીકથી નાશ પામશે. (જતી રહેશે) (૩) જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઇ જાય છે, તોપણ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે તેમ કદાચ કોઇ કારણથી સત્ય ઢંકાઇ જશે. (જાહેરમાં આવશે નહિ) તોપણ આખરે સત્યનોજ પ્રકાશ થશે. મતલબ કે સત્ય ઉઘાડું પડશે. (૪) સાચને કદાપિ નુકસાન નથી. (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો નાશ પણ નથી, માટે હંમેશાં સાચું બોલીનેજ દુનિયામાં જીત મેળવી. સત્ય ઘણાં દુઃખ નક્કી ટાળે છે, સત્યના જેવું જોર નક્કી બીજું નથી. (૫) સાચામાં હંમેશાં ખરૂ સુખ રહેલું છે. સત્યથી પરમેશ્વર ઘણા ખુશ થશે. સત્ય વગર બીજો ધર્મ નથી, માટે સત્યથી જીતીને હંમેશાં સ્વર્ગમાં ખુશ રહો. (૬)

પાઠ ૧૭.

રિવાજ=ધારો; નિયમ

વર્તમાનપત્ર=છાપું; ચાલતા વખતની હકીકતના છાપેલા કાગળ

બાંકડો=પીઠવાળી પાટલી

તંબુ=લુગડાનું ઉપાડી લેવાય એવું ઘર

સપાટ=ઉંચી નીચી નહિ તે

ભરવાડ=ઘેટાં ચારનાર

પાકાં=છો ઇંટના

મીલનસાર=મળતાવડા

પરોણાચાકરી=પરોણાગત

ભારી=બોજારૂપ

પૂજે છે=સેવા કરે છે

સાર-જરૂર વગરની ચીજો પાછળ ખર્ચ ન કરવો અને તેનો ઉપયોગ પરોપકારમાં કરવો

પાઠ ૧૮.

મોહરમ=જે મહીનામાં તાબુત નીકળે છે તે મહીનો

તાબુત=તાજીઆ

કૂંકડો=કૂકડ

વેશ=દેખાવ

વરખ=ધાતુના છેક પાતળા પતરાં

તારીફ=વખાણ

મરણતોલ=મરી ગયો હોય એવો
સ્થિતિ=હાલત; દશા
રડારોળ=ઘણું રડવું કકળવું તે
એકાએક=એકદમ
અચંબો=નવાઇ
દશા=સ્થિતિ; હાલત
ધ્યાનમાં=સમજણમાં
ઉપચાર=સારવાર;ઉપાય
સારવાર=ચાકરી; બરદાસ
પ્રસંગ=વખત; બનાવ
પરિણામ=ફળ; છેવટ
છિદ્રો=કાણાં
વાટે=રસ્તે
ઢીલ=વાર
મંદવાડ=રોગ; બિમારી
અકસ્માત=અણધાર્યો બનાવ
વિદાય થયા=ગયા

પાઠ ૧૯.

ભાઇભાંડુ=ભાઇબેન
ઉપજ=પેદાશ
ઘરખરચ=રોટલા ખરચ
દુકાળ=મોઘવારી; અનાજ પાણી મોંઘા મળે એવો વખત
પાક=ફાલ
કરકસર=ખપ જેટલું વાપરવું તે
ચરૂ=કડાંવાળો દેગડો
સોનામહોર=સોનાના સિક્કા
ઉતરે=ઓછો આવે
અઘાટ=ધણીપણાના હક સાથે; તમામ હક સાથે
ચુકાદા=ફેંસલા
નિર્ણય=ફેંસલો; ચુકાદો
પાક=પેદાશ

સાર–પ્રમાણિકપણે ચાલવાથી ઇશ્વિર ખુશી થાય છે માટે પ્રમાણિકપણે ચાલવું

પાઠ ૨૦.

દિલ્હી=જમના નદીના કાંઠાપર શહેર છે.
પ્રખ્યાત=જાણીતા
પરાક્રમી=બહાદુર; શૂરા
શોખીન=કોઇપણ બાબતમાં આનંદ લેનાર
આસરો=મદદ
મોં ઉતરી ગયાં=ઝંખવાઈ ગયા
ખજાનચી=ખજાનાનો ઉપરી; તીજોરીનો ઉપરી
ફટકા=સપાટા; નેતર કે ચાબુકના ઝપાટા
નિશ્ચય=ઠરાવ
ભાગીદાર=ભાગીઓ
ખુદાવંદ=મોટા માલીક (મોટા દરજ્જા વાળાને માટે બોલાય છે)
શરત=કબુલાત
હજુરમાં=રૂબરૂમાં
લાંચીઆ=લાંચ લેનારા
માનીતો=વહાલો

સાર–હકથી વધારે લેવાની ઇચ્છા રાખવી નહિ.

પાઠ ૨૧.

તોફાની=મસ્તીખોર
કાયર=હેરાન
આંકી=દામ દઇ નિશાની કરી
ફાટયો=જબરો થયો
માતેલો=ખાઇપી જબરો થએલો
જબરો=જોરાવર
હાથ ચલાવવો=મારવું
ઘટતો=લાયક
પલક=જરાવાર
કચરી=ચગદી
યુકિત=તદબીર; કળા
નસકોરાં=નાકનાં બે કાણાં
તોબાતોબા=કાયર કાયર
ફુલાઇગયો=મગરૂર થયો
અહો=અરે
શબ્દ=બોલ; વચન
અભિમાની=અહંકારી
ઉતારૂં=કાઢું
સપડાયો=ફસાયો
હલકા મનનો=નીચ વિચારનો
નમ્ર=ગરીબ
માઠાં=ખરાબ
હલકો=તુચ્છ
સાર—કદી અહંકાર કરવો નહિ. અહંકારી માણસો ધારે કે મારા જેવો કોઇ નથી પણ શેરને માથે સવા શેર હોયજ

પાઠ ૨૨.

સ્થાપન=મંડાણ; શરૂઆત
સવડ=સગવડ; સોઇ
ગોઠવણ=બંદોબસ્ત
ખેપીઓ=કાસદ
લાભ=ફાયદો
સહજ=થોડો
માનવાચક=માનનોઅર્થ બતાવનાર
તીર્થરૂપ=તીર્થ જેવા પવિત્ર; (એ શબ્દ વડીલના નામની પહેલાં વપરાય છે.)
ચિરંજીવી=લાંબી મુદત જીવનાર (આ શબ્દ છોકરાના નામની પહેલાં વડીલ વાપરે છે)
રાજમાન=જેને રાજ તરફથી માન મળતું હોય તે
રાજેશ્રી=જેને રાજ તરફથી પૈસા મળતા હોય તે
સૌભાગ્યવતી=પરણેલી સ્ત્રી કે જેનો ધણી જીવતો હોય તે
ગંગાસ્વરૂપ=એ શબ્દ વિધવા સ્ત્રીના નામની પહેલાં વપરાય છે.
નામઠામ=નામ ને ઠેકાણું
ક્રમવાર=એક પછી એક
સરનામું=નામ અને ઠેકાણું
ધ્યાનમાં=સ્મરણમાં
પત્તો=ઠેકાણું

પાઠ ૨૩.

સુલતાન=મુસલમાન પાદશાહ

શિકાર=જનાવરોને તા-
કીને ગોળી મારવી તે
અહેસાન=પાડ
માનું છું=ગણું છું
ખોરાક=ખાવાનું
હાજર કરું=રજુ કરું
ડોલચું=ડોલ જેવું નાનું
વાસણ
ભાવથી=હોંસથી;
શાંત=ઠંડો
વિનંતી=નમનતાઈથી
કહેવું તે
જાગીર=ઈનામી જમીન;
સરકાર તરફથી મળેલું
ગામ કે જમીન
ઉમરાવ=અમીર
સાન=અક્કલ; સમજ
સંબંધમાં=વિષે
અંદેશો=શક; વહેમ
જાતે=પોતે
ઝવેરખાનાનો=કીમતી
રત્નોનો
ઉપરી=અધિકારી

ઇલાજ=ઉપાય.
ભંભેરવા=ખોટું સમ-
જાવવા
સંતાઈ=છુપાઈ
ભિખારી=ભીખ માગનાર
સ્થિતિ=હાલત
ભેટયો=છાતી સાથે દાબ્યો
પ્રધાન=વજીર
ઈર્ષાખોર=અદેખા;ઝેરીલા
દેશનિકાલ=દેશપાર; દેશ
બહાર કાઢી મૂકવું તે

સાર—માણસની ચ-
ઢતી પડતી જીભ વડેથાય
છે જોઆપણે નમનતાઇ
વાપરીએ તો સામાનો
પ્યાર મેળવીએ, માટે
ઈર્ષા છોડી નમ્ર સ્વભાવ
રાખવો કે જેથી ઉમરા-
વોના જેવા હાલ થાય નહિ

પાઠ ૨૪.

પંચ=પાંચ કે વધારેનું
ટોળું
વાદવિવાદ=તકરાર

તુર્ત=તરત
દરબાર=કચેરી
નાર=માદા
ગણના=ગણતરી; કદર
વલવલે=ટળવળે;
પય=દૂધ
વફાદાર=વિશ્વાસુ
ધાન=અનાજ; ખાવાનું
નીમક=અનાજ
હલાલ કરું છું=બદલો
વાળી આપું છું
માન=આબરૂ
સેવા=ચાકરી
માનવી=માણસ
ભાર=બોજો; વજન
મણબંધી=ભારે; મણના
માપથી
બોજો=વજન; ભાર
બીન=વગર; વિના
તન=શરીર
તનતોડીને=ઘણું વૈતરૂં કરીને

હાર=પરાજય; હારવું તે
માલીક=ધણી
રસ્તો કાપું=મુસાફરી કરૂં
પીઠ=વાંસો; બરડો
દરકાર=પરવા
માર્ગ કાપવા=રસ્તો ઓછો કરવા; અંતર ઓછું કરવા
સફર=લાંબી મુસાફરી
મુજ=મારો
જળકાજે=પાણીને માટે
જીવ લીએ=મારી નાખે
ક્રૂર=ઘાતકી; દયા વગરનો
અંબાડી=હાથીપર માંડવાની બેઠક
કેરો=નો
દીપે=શોભે; સારો દેખાય
શ્રેષ્ઠ=સૌથી સરસ; ઉત્તમ

પશુ=ચોપગાં જાનવર
સરદાર=ઉપરી
ન્યાય=ઇન્સાફ
નિર્દોષી=વાંક વગરનો; નિરપરાધી
તલ=જરા જેટલો; થોડો
ત્રાસ=બીક; ભય
તોય=તોપણ
તલપે છે=તાકે છે; મારે છે
માંસ=ગોસ
કસાઈ=ચંડાળ
કર=હાથ
ઠાર બનું છું=કપાઇ જાઉં છું
કુલ=બધો; તમામ
બોજ=બોજો
વ્યાપાર=વેપાર
ઘડી=થોડો વખત
કરાર=આરામ
ખર=ગધેડો

ગજ=હાથી
આશા=ભરોસો; વિશ્વાસ
અથડાય=અફળાય
આશાપર અથડાય=ભરોસાપર રહે
ખલક=જગત; આલમ; દુનિયા
દંડે=શિક્ષા કરે
પીડતાં=દુ:ખ દેતાં
કોપે=ગુસ્સે થાય; રીસે ભરાય
કીરતાર=પરમેશ્વર; બનાવનાર

સાર—પાળેલા જનાવરો પાસે ગજા ઉપરાંત કામ કરાવવું નહિ, અને પેટપુર ખાવાનું આપવું.

સમજુતી—ચોપગાં જાનવરોમાં એક વાંધો પડ્યો, તેથી તેઓએ પોતે સામસામી સવાલ જવાબ કરવા માટે તરત કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં નર અને માદા બેઠાં. ગાય–હું ગરીબડી માયાળુ ગુણોની (ઉપયોગીપણાની) કદર કોણ કરે છે! મતલબ કે

કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજાં ખાય છે. તોપણ જુલમનો પાર ક્યાં છે? (ટેક) (૧) કુતરો—હું વિશ્વાસુ વહાલું પ્રાણી ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા અનાજનો બદલો વાળી આપું છું, અને વળી રાત દિવસ સેવા પણ કરૂં છું. (ટેક) (૨) ગધેડો—બેવકુફ (અક્કલ વગરના) માણસ મને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે? ભારે વજન લાદે (પીઠપર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું. પણ કહો કે માણસો મારો ગુણ ક્યાં જાણે છે? (ટેક) (૩) ઘોડો—હું શરીરે દુઃખ વેઠીને ચાકરી કરૂં છું અને કદાપિ હાર (ખાવાનું) પણ ન ખાઉં; ધણીને પીઠ પર બેસાડીને મુસાફરી કરૂં છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે? (ટેક) (૪) ઊંટ—મુસાફરીમાં રસ્તો કાપવાને હું ઘણી લાંબી મુસાફરી કરૂં છું તોપણ કોઇક ઘાતકી મુસાફર પાણીને માટે મને મારી નાખે છે (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચાવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરેલું હોય છે) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું. (ટેક) (૫) હાથી—રાજાની અંબાડીનો આધાર મારાપર છે (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે.) મારા પગલાંથી સ્વારી સારી દેખાય છે, અને વળી દરબાર પણ શોભે છે. વળી પશુઓમાં હું મોટા સરદાર છું (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું.) (ટેક) (૬) બકરો—હું જરાપણ દુઃખ આપતો નથી; તોપણ માણસ મારૂં માંસ ખાવાને તલપી રહે છે, તેથી હું ચંડાળના હાથે કપાઇ મરૂં છું. કહો મને બીન ગુનેગારને ઇન્સાફ ક્યાં મળે છે? (મતલબ કે મળતો નથી)

(૨૬) (૭) બળદ—મારા જોરથી ખેડુત હળ-જમીન ખેડે છે, મારા પર આખી દુનિયાનો આધાર છે; હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉપાડું છું, તોપણ મને જરા પણ આરામ મળતો નથી. (૨૬) (૮)

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડો ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અફળાય છે. વિશ્વમાં નઠારા કામને માટે જો કે સરકાર સજા કરે છે, તો પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ ? મતલબ કે થાયજ.

પાઠ ૨૫.

ગુનો=કસુર
કબુલાત=કબુલ કરવું તે
ધડકો=હડસેલો
ફુટી ગયો=ભાંગી ગયો
ફોડાવ્યા=કકડા કરાવ્યા
ફોડયો=ભાગ્યો
મા=નહિ
બોલ મા=બોલ નહિ
કસુર=વાંક; ગુનો
અજાણે=અજાણતાં
માનવી=કબુલ કરવી
ગુનેહગાર=અપરાધી; કસુર કરનાર
નારાજ=નાખુશ
[illegible]; ડર

ઉદાસ=દીલગીર
સુખેથી=અડચણ વગર
હેઠે=નીચે
રૂએ=રડે
દોષ=વાંક; ગુનો
સંતાડવા=છુપાવવા
ભૂલ=ચૂક
સહન કરૂં=ખમું; વેઠું
સદ્‌ગુણી=સારાગુણવાળા
નીવડે=નીકળે

સાર—ગુનો કબુલ કરવાથી પરમેશ્વર ખુશ થાય છે અને આપણા મનને ફીકર રહેતી નથી.

પાઠ ૨૬.

બાળાઓ=છોકરીઓ
હોંસે હોંસે=ઉમંગથી
કન્યા=કુંવારી છોકરી
સારે રાગે=મધુર સ્વરે; મીઠે અવાજે
સીવણુ=સીવવાનું
રંગબેરંગી=તરેહ તરેહના રંગના
ગળપટા=ગળે બાંધવાના પટા
લેખાં=મોઢે ગણવાના હિસાબ; મુખગણિત
ઘાટ=આકાર
પ્રદર્શન=સંગ્રહસ્થાન, નમુનેદાર ચીજો બતાવવા માટે એક ઠેકાણે ભેગી કરી રાખેલી તે
ગૂંથેલી=વળ દીધેલી

ચિત્રકામ=ચીતરવાનું કામ
તલ્લીન=મશગુલ; લીન; એક ચિત્ત
ખુબી=ખૂબી; ચમત્કાર
મહેતીજી=કન્યાશાળાની વડી સ્ત્રી શિક્ષક
લાયક=યોગ્ય
ગુણી=ગુણવાન
શિક્ષકો=આસિસ્ટંટો
વર્તે=ચાલે
સલાહસંપ=એક વિચાર; ભેગી સમજીને ચાલવું તે
શિક્ષણ=શીખવવાનું કામ

સાર—છોડીઓને ભણાવવાથી તેમની અક્કલ ખીલે છે. માટે છોડીઓને ભણાવવી

પાઠ ૨૭.

સંઘરો=સંગ્રહ
કુદરતનું=ઇશ્વરી શક્તિનું
અવલોકન=બારીકીથી જોવું તે બારીક તપાસ
રાજધાની=રાજા જે શહેરમાં રહેતા હોય તે શહેર; રાજગાદીનું શહેર
ઇમારતો=ઊંચી બાંધણીનાં ઘરો
કિલ્લો=ગઢ
રચના=બનાવટ; ગોઠવણ
બાંધણી=બાંધકામ
ખાણો=અનાજ ભરી મૂકવા માટે જમીનમાં જે ખાડા ખોદેલા તે
જાર=જુવાર
ખાનગી=પોતાની
સગી=સડી; જીવાત પડી
ભુકરો=રેતી; એક જાતનો પોચો પત્થર
ખડ=ઘાસ
ઉપયોગમાં=ખપમાં; કામમાં
ગંજી=ઘાસનો ઢગલો
અગત્યની=જરૂરની
આગગાડી=દેવતા અને પાણીના બળથી (વરાળથી) ચાલતી ગાડી
સાધન=વસ્તુઓ
પુષ્કળ=ઘણું; બહુ
દાણા=અનાજ
નાણું=પૈસા
દ્રવ્ય=પૈસા
હરકત=અડચણ
સંગ્રહ=સંઘરો; એકઠું કરવું તે
અવારનવાર=ફરતાફરતી
સંઘાત=સાથ

સાર-પૈસા બચાવ્યા હોય તે ઘડપણના વખતમાં ખપ લાગે છે, માટે દરેક માણસે પૈસાનો સંગ્રહ કરવો જોઇએ

સમજુતી-જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે, અને બધી સાથે મળીને હમેશાં હળી મળીને દરમાં રહે છે.

પાઠ ૨૮.

પરબ=મુસાફર લોકોને મફત પાણી પીવાનું ઠેકાણું
વારાફરતી=એક પછી એક
કઠિઆરા=લાકડા ફાડનાર; લાકડા કાપીને વેચનાર
વળેલો=વળગેલો
ખરો તડકો=સખત તાપ
વિસામો=આરામ
ધર્માદા=દાનમાં આપી દીધેલું તે
દસમો ભાગ=દસ ભાગ માંનો એક ભાગ
આશીર્વાદ=આશીષ; દુવા
ટાળવામાં=મટાડવામાં; દૂર કરવામાં
મનોહર=મનને રાજી કરે એવું
શીતળ=ટાઢી; ઠંડી

સાર—જે કાંઇ પેદા કરવું તેમાંથી દસમો ભાગ ધર્મના કામમાં ખરચવો. 'ધર્મે જય અને પાપે ક્ષય'

પાઠ ૨૯.

વળગ્યો=લાગ્યો; બાઝયો
તર્ક=મનસુબો; વિચાર
તર્ક ઉઠાવે=મનસુબો કરે
શેખચલ્લી=ખોટા વિચાર કરનાર
પાર=છેડો; અંત
ઠરાવી=નક્કી કરી
ઘાડવો=ઘી ભરવાનું માટીનું વાસણ
તરંગ=ખોટા વિચાર
ધુણાવી=હલાવી
ઠપકો=ગુનાના બદલામાં કડવા શબ્દો કહેવા તે
ઘર ભાંગ્યું=ઘરબાર વગરનો થઇ ગયો
નકામા=ફોકટ
ગાળી નાખ્યા=ગુમાવ્યા
ઉદ્યમે=ધંધે; કામે
માફક=પેઠે
ચેતવ્યો=સમજાવ્યો

સાર—આપણા ધંધા સંબંધીજ વિચારો કરવા. એકદમ પૈસાદાર થઇ જવાના વિચાર કરવા નહિ.

પાઠ ૩૦.

પતંગ=કનકવા
છેક=તદ્દન
ફરીથી કરો=બીજીવાર કરો. મતલબ હરકોઇ સારૂં કામ પુરૂં ન થાય ત્યાં સુધી ફરી ફરીને કરવું
ચઢાવવા=ઉડાવવા
સપાટો=જોસ
ગોથું ખાઇ=ઉંધો થઇ
કાયર થવું=કંટાળવું
પ્રયાસ=યત્ન; મહેનત
આસમાન=ગગન
ટપકા=ડાઘા
વીંટવા=લપેટવા

સાર—શરૂ કરેલું કામ પુરૂં ન કરીએ તો કરેલી મહેનત નકામી જાય, અને લોકમાં

મજાક થાય. માટે હર કોઇ કામનો આરંભ કરતાં પહેલાં વિચાર કરવો, કે એ કરવું વાજબી છે કે નહિ; અને વાજબી લાગે તોજ આરંભ કરવો; અને આરભ કર્યો તો તે કામ પુરૂં કરવુંજ. વચ્ચેથી અધુરૂં મૂકી છોડી દેવું નહિ. જે માણસ આ પ્રમાણે કરતો નથી તે બાયલો કહેવાય છે.

પાઠ ૩૧.

ડોલે=હાલે
તરુવર=મોટું ઝાડ
ઝુલાવે=હિંચોળે; હલાવે
પાન=પાંદડાં; પાંતરાં
ગાન=ગાયન
ધ્યાન ધરતાં=ઇશ્વરને પોતાના મનમાં આણતાં
કલ્લોલ=આનંદ; મજા
સાથ=સાથે
પડદો ખોલે=મનની વાત કહે
ચૂસે છે=શોષે છે
ફૂલરસ=ફૂલમાંનો રસ
ઘાટે=ઓવારે; કિનારે
જળઘાટે=નદી કે તળાવ કાંઠે
નીજ=પોતાના
વાટે=રસ્તે
પોઢે=સૂએ
માળ=માળામાં
જપતાં=ઠરીને બેસતાં
મળસ્કે=સવારે; પરોઢીએ
ધાય=દોડે
વનફળ=વનમાંના ફળ
ઝૂલે=હાલે
ભલી ભાતના=સારી તરેહના
વિધવિધ=જુદી જુદી
દીનાનાથ=ગરીબનો ધણી; પરમેશ્વર
મધુરો=મીઠો
ધરી=રાખી
નિર્મળ=ચોકખું; મેલ વગરનું
ઠરે=નિરાંતે બેસે
ભલી ભાતે=સારી રીતે
હઠાવી=હરાવી; હંફાવી
હઠાવી દીએ=હરાવે
મેળવાય છે=પેદા કરાય છે
રાજ અધિકાર=રાજસત્તા
વશ=તાબે
વિપત્તિ=દુઃખ; આફત
વેરાઇ જાય=જતું રહે
કામધેનુ=ઇચ્છેલું આપનારી ગાય
ચિંતવ્યા=ધાર્યા
અપાર=ઘણોજ
પમાય છે=મેળવાય છે; પેદા કરાય છે.

સાર—ઉદ્યોગી માણસને કંઇ પણ અઘરું નથી. ઉદ્યમ કરવાથી જે જોઇએ છે તે મળે છે, માટે ઉદ્યમ કરવો.

સમજુતી—મોટા ઝાડની ડાળીઓ હાલે છે, પવન પાંદડાં હલાવે છે.

શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતાં ઊડે છે. (મતલબ કે કલોલ કરે છે) પક્ષીઓ મધુર ગાયન ગાતાં, પરમેશ્વરનું ધ્યાન ધરતા, જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં, ટોળાંમાં હળી મળીને રહેતાં (એક બીજાને) મનની વાતો કહે છે. સુખીઆં પક્ષી હંમેશાં ઝાડ અને મોટા ઝાડની ડાળીપર ડોલે છે. (૧) કોઇ જંગલના ફળ ખાય છે, કોઇ દાણા ખાતાં જાય, કોઇ ફૂલમાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઇ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પછી પોતાને રસ્તે પાછાં ફરે, સાંજે માળામાં બચ્ચાંને સુખે બેઠેલા જોઇ સૂએ છે, સવાર થતાં પહેલાં ઊઠીને દોડે છે અને કોઇ જંગલમાં ફળ ખાય છે. (૨) સારી રીતે ઝુલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે, તે બધાં પંખીઓ હેતથી ખાય છે. વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે, તે ભીડો માલ મંડ્યા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે. તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોકખું પાણી પીએ છે. અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમ વિષે.

મહેનતથી માણસ એકલો હોય તોપણ હજારો માણસોને પાછળ પાડે છે, મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ પૈસા અને અનાજ મેળવી શકાય છે. મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કંઇ આઘે નથી. મતલબ કે તે પણ મેળવાય છે. મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે. મહેનતથી આપદાઓ તુરત ટળી રહે છે. મહેનતુ માણસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે. અરે બાળક! મહેનતને ઇચ્છેલું ફળ આપનારી ગાય જાણ. મહેનતથી મરજી મુજબ ઘણો લાભ મેળવાય છે, (૧)

સાર—આળસ છોડી મહેનત કરવી.

પાઠ ૩૨.

સેવા=ચાકરી
બદલામાં=સાટામાં
ભોગવટો=વાપર
વંશપરંપરા=છોકરાંના છોકરાં; પેઢીધર પેઢી
સાંતી=હળ
સાંતીની જમીન=ખેડવા લાયક ભોંય
ઉંચા પ્રકારની=સારો પાક ઉતરે એવી; ફળદ્રુપ; રસાળ
પ્રકાર=વર્ગ; જાત
નાનપણથી=બચપણથી
લાડ=વહાલ
ઉછેરેલો=મોટો થએલો
ધ્યાન=ચિત્ત; મન
સાથી=મદદગાર; ખેતીને માટે રાખેલો નોકર
મહેનતુ=ઉદ્યોગી
પુંજી=દોલત
ઇચ્છતા=ચાહતા
અર્થ=મતલબ; સાર
ડહેલી=મોટા દરવાજા વાળા ઘરનું ભોંયતળીઉં
ભરોસો=વિશ્વાસ
મહેનત=મજુરી
મેઘ=મેહ; વરસાદ
નજર=તપાસ; દેખરેખ
ખાતરી=ભરોસો; પતીજ

સાર—આપણા કામનો ભરોસો નોકર પર રાખવો નહિ. પણ નોકરો કામ કરે છે કે નહિ તેની તપાસ રાખવી.

પાઠ ૩૩.

બેનપણી=સહીઅર;સખી
પિડાય=દુઃખી થાય
ગંદું=ગોબરું
પગ મૂકવાનું=આવવાનું
મન=ઇચ્છા; મરજી
મંદવાડ=રોગ; બિમારી
ગંદકી=મંદવાડ
મૂળ=બી; બીઆં
નીરોગી=રોગ વગરના
જંતુ=જીવડાં
પાકે છે=પેદા થાય છે
ખુણેખોચરેથી=ખુણામાંથી
વાળી નાખીએ=સાફ કરીએ
શ્વાસવડે=દમ લેવાથી
ખુલ્લાં=ઉઘાડાં
સુધરતી=સ્વચ્છ થતી
નાશ પામેછે=જતા રહેછે
બિનાશ=ભેજ
ઢોળી=રેડી
મેલું=ગંદું
ટાઢીઓ તાવ=મેલેરીઆ તાવ; નઠારી હવાને લીધે જે તાવ આવે છે તે
ઝીણો તાવ=હાડનો તાવ (એ તાવથી શક્તિ ઘણીજ ઓછી થાય છે.)
લકવો=એક જાતનો રોગ; એથી શરીરને કોઇભાગજુઠો પડી જાય છે

જાજરૂ=સંડાસ
મોરી=નીક; ગટર
ઝાડીઝુડી=ઝાડીઝપડી
દુર્ગંધ=ખરાબ વાસ
તદ્દન=બીલકુલ
ખુલ્લી રીતે=સમજ પડે એવી રીતે
સાર–ઘર, વાડા વગેરે દરેક ચીજ ચોકખી રાખવી

પાઠ ૩૪.

ઉંચા=સારા
પ્રાણુ=જીવ
વૃદ્ધ=ઘરડો
પાટવીપુત્ર=મોટો છોકરો
નિશ્ચય=ઠરાવ
સમાચાર=ખબર
અદેખાઇ=ઝેર
ઉથાપશે=ફેરવશે
સંદેહ=શક; વહેમ
વરદાન=માગેલું આપવું તે
લેણાં=માગતાં
વનવાસ=જંગલમાં રહેવું તે
હઠ=જીદ્દ, જક્ક
અણુસમજુ=વગર વિચારની; મૂર્ખ
શોક=દીલગીરી
દેહ મૂકયો=મરણ પામ્યા
ધિક્કાર=તિરસ્કાર
ઠરાવ=નિશ્ચય
સાર–"સોબત તેવી અસર" હંમેશાં સારાની સોબત કરવી. કામ કરતાં પહેલાં શું ફળ આવશે એ બાબતનો વિચાર કરવો કે જેથી પાછળથી પસ્તાવું પડે નહિ

પાઠ ૩૫.

ટોળું=જથો
હાથ=બે વેંત જેટલી લંબાઇ
ધરી=પકડી; ઝાલી
સરણાઇ=પીપી
નટ=સ્ત્રી વગેરેનો વેષ લઇ ઘણા ખેલ કરનાર
અંગ કસરત=શરીરની કેળવણી
ગુંલાટ=ગોલાંટ
ચક્કર ચક્કર=ગોળ ગોળ
ચમકે છે=ઝળકે છે
ઝળકારા=ચમકારા
શાબાશ=ધન્ય
દરકાર=પરવા
જીવની દરકાર રાખતા નથી=મોતની બીક રાખતા નથી
સ્થિર=હાલ્યા વગર
સફાઈ=ચાલાકી
ખેલ=રમત
ચમતકારવાળા=અચરત પમાડે એવા
નજરબંધી=જાદુથી જોનારની આંખ ભુલાવવામાં નાખવી તે
ખુબીદાર=વખાણવા લાયક; ચમત્કારી
કસરત=શરીર કસવું તે
ગુજરાન=ગુજારો; પોષણ
સાર–અંગકસરતથી શરીર કસાય છે

માટે નાનપણથી કસરત કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૬.

ગ્રીષ્મઋતુ=વૈશાખ અને જેઠ મહીનો; ઉનાળો
મહિમાઇ=મોટાઇ
નીરખી=જોઇ
શીતળ=ઠંડી
કોકિલા=કોયલ
ટહુકા=કોયલના બોલ
ધરતી=જમીન
તપતી=ગરમ થતી
સુગંધ=સારી વાસ
મોર=આંબા, આમલીના ફૂલ
વસંત=વસંત ઋતુ; જુલાઇને આગષ્ટ માસ
ભમતી=રખડતી
ફળી=પાકી
લલચાય=લોભાય
જનો=માણસો
લહી=જોઈ
ભલી=સારી
ભલી લીલી=લીલીછમ
અતિ=ઘણો
શાખ=ઝાડપર પાકેલી કેરી
રસદાર=રસવાળી
સુકેસરી=સારા કેસરીઆ રંગની
ચિત્ત=મન
હરતી=ખેંચતી
ઠરતી=રહેતી
દીલમાં ઠરતી=યાદ રહેતી
પ્રવેશ કરીને=આવીને
ઉકળાટ=ધામ
ધરે છે=કરે છે
વનેવન=જંગલે જંગલ
આમ્ર=કેરી
આમ્રતરૂ=આંબો
વાસ કરૂં છું=રહું છું
ચિત્ત હરૂં છું=મન ખેંચુ છું
શ્યામ=કાળા
પરખાઉં=ઓળખાઉં; જણાઇ આવું
કોમળ=નાજુક
કંઠ=સાદ; સૂર
સંગીત=ગાયન
સૂર=અવાજ
ગજાવું=ગજવી મૂકું
રૂપેરી=રૂપાના જેવો;સફેદ
દીપે=શોભે
મધુર=સારો
કળી=ખીલ્યા વગરનું ફૂલ
ફૂલેલ=ખીલેલી
વેલમાં=વેલામાં
અંગમાં=શરીરમાં
અનેક=ઘણી
પાંખડી=પાંદડી
પ્રસારી=ફેલાવી
ઝારીરૂપ=ઝારીના જેવો
પ્રફુલ્લ=ખીલેલો
ગ્રીષ્મનો બાળ=ગ્રીષ્મની શરૂઆત
કોકિલ=મધુર
ભારી=ઘણો
બટમોગરો=એકજાતનો સુગંધીદાર મોટોમોગરો
રસીલી=મજા આપનારી

સમજુતી—પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મઋતુમાં જોઇ. ઝાડની ઠંડી છાયા ને ફૂલ ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જમીન ગરમ થતી જાય છે અને મોગરામાં સારી વાસ ભરે છે. (૨) **આંબો**—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખુશ થતી વસંત ઋતુ મને (આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ. પછી ગરમીની ઋતુ થઇ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણસો તે લેવાને લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે, તેથી કેરીઓ ઝાડ પર પાકીને ખરી પડે, તે પછી રસદાર થઇને સારો કેસરીઓ રંગ ધરે છે. તે (કેરી) રસથી દુનિયાના લોકોનું મન પોતાની તરફ ખેંચતી, તેથી કેરીની મજા મનમાં રહેતી (૨) **કોયલ**—જુઓ આ ગરમીની ઋતુ ધામ કરે છે, તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે. હું (કોયલ) ટહુકાથી માણસનું મન મારા તરફ ખેંચું છું. મારૂં રહેઠાણ આંબાના ઝાડપર છે. (૧) હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉં છું અને મારા મધુરા સાદ વડે વખણાઉં છું. હું ગાયનના સૂર સમજાવું છું. અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મુકું છું, (૨) **મોગરો**—જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે. વેલાઓમાં ખીલેલી કળીઓ છે તેથી શરીરમાં સારી વાસ ભરાય છે, હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું. બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

આંબો, કોયલ અને મોગરો એક હારમાં ગાય છે.

આંબો—કેરી રસદાર હોય તેજ સારી.

કોયલ—હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.

મોગરો—બટ મોગરાની મીઠી સુગંધ છે.

બધાં કહે છે અમે સારી અને શોભિતી ગ્રીષ્મ ઋતુ જાણી,

પાઠ ૩૭.

ઉપજાવે=પેદા કરે
મડમ=ગોરા લોકની સ્ત્રી
પાદરી=ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ કરનાર
બોધ=ઉપદેશ
દેવળ=દહેરૂં
કુશળ=હોશિયાર
શરૂ કર્યું=કરવા માંડ્યું
કાટખુણો=બાંધકામમાં ઉપયોગી લાકડાનું કે લોઢાનું ઓજાર



વખત ન લગાડ=ઢીલ નહિ કર
ઓજારે=હથિયારો
ભીલ=જંગલમાં રહેનારી અનાર્ય જાત
પોકારવા=બૂમ પાડવા

સાર—અભણ માણસ ભણેલાને જાદુગર જેવો સમજે છે. તેથી હંમેશાં તેને તાબે રહે છે; માટે દરેક માણસે વિદ્યા મેળવવાને પ્રયત્ન કરવો.

પાઠ ૩૮.

ભાટ=કવિતા બનાવી ખરા ખોટા વખાણ કરનારી એક જાત
બહાદુરી=પરાક્રમ
પારડી=સુરત જિલ્લાની દક્ષિણમાં કસ્બો છે,
વલસાડ=પારડીની ઉત્તરમાં કસ્બો છે.
ઓળંગી=વટાવી
વહેણ=પાણીનું વહેવું તે; પ્રવાહ
ખંડેર=ભાંગેલી ઇમારત
હજી=હાલ સુધી
ટોચ=ઉપલોભાગ; મથાળું
સપાટ=ઉંચીનીચી નહિ તે
શિખર=ટોચ
મુશ્કેલ=અઘરૂં
ચઢાવ સીધો હતો=ચઢવાનું સીધું હતું
કુંડ=છોથી બાંધેલો ઝરો
બુરજ=કિલ્લાનો ઉંચો ગોળ ચણેલો ભાગ
પ્રવાહ=રેલો; વહેણ
તળેટી=પર્વતના મૂળ આગળની જગા
ખીણ=બે પહાડ વચ્ચેની નિચાણ જગા
હાર=ઓળ
પગથી=પગે ચાલતાં પડેલો રસ્તો
રમણીય=મનોહર; સુંદર
સપાટાબંધ=જલદી
નકશો=ગામ, દેશ, કે શહેરનો ચિત્રેલો નમુનો

આકૃતિ=ઘાટ; આકાર | નમુના=નકલ

સાર—અવલોકન કરવું અને પછી તેવો ઘાટ બનાવવો કે જેથી જોએલું બરાબર ધ્યાનમાં રહે.

સવાલ—પ્રહલાદ શું ધંધો કરતો હતો? વલસાડથી પારડી કઇ દિશામાં છે? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે? પારનેરાના ડુંગરાના શિખર પર ચઢીને તેમણે શું જોયું? પારડી આવી તેઓએ શું કર્યું?

પાઠ ૩૯.

બોડા=ઝાડપાન વગરના
બેખડો=પત્થર કે માટીના મોટાં ટેકાં
દેવસ્થાન=દહેરું
સારી=ફળદ્રુપ; રસાળ

દેવકી ઉનાઇ=સુરત જિલ્લામાં વાંસદાની પાસે ઉના પાણીનો કુંડ છે તે ગામ
પીગળેલો=ગરમીથી પ્રવાહી રૂપ થએલો

પડ=પોપડો
ઉપસી=ફુલી; ઉંચી થઇ
ઉપસેલો=ઉંચો આવેલો
ઉપયોગી=જરૂરનું

સાર—આ પાઠથી કુદરતનું ભાન થાય છે.

સવાલ—ગુજરાતમાં મોટો પર્વત કયો છે? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત, તળેટી અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બને છે? કયા પર્વત પર બંગલા, કિલ્લા, દહેરાં બાંધી શકાય? ઉનાઇ, તુળસીશ્યામ એ કુંડમાં ઉના પાણી શાથી હશે.? પર્વતો ને મેદાનો કેમ થયાં તે સમજાવો, મેદાન અને ડુંગરોનો ઉપયોગ કહો.

પાઠ ૪૦.

ફરફર=બારીક ટીપાં; બુંદ
મેળાપ=મુલાકાત
વહેળો=નાની નદી

ધોધ=ઉંચેથી નીચે પડતું પાણી
શક્તિ=બળ
ખચી જાય છે=નીચે ઉતરી જાય છે; સમાઇ જાય છે

ખડક=પાણીમાંના ટેકરા
ઘસડી=તાણી

બેટ=ચારે બાજુ પાણી ને વચમાં જમીન હોય તે	સરિતા=નદી.	તરેહ તરેહનાં
મુખ=નદી દરીઆને મળે છે તે જગા	તરુ=ઝાડ; વૃક્ષ	કિનારે=કાંઠે
ચમકારા=ઝબકારા	નીરે=જળથી	ચરતાં=ઘાસ ખાતાં
	તીરે=કાંઠે	નિશ્ચય=નક્કી
	ચિત્રવિચિત્ર=જાતજાતનાં;	પિછાણીએ=સમજીએ

સમજુતી—સ્વચ્છ પાણીથી ભરેલી સારી નદી, તેને કાંઠે ઊગેલાં નાનાં મોટાં ઝાડો, નદીમાં જુદા જુદા રંગનાં ગમ્મત કરતાં માછલાં અને લીલુંઝમ ઘાસ કિનારા પર ચરતાં પશુઓ જુઓ. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજાવો. નદીથી નહાવાનું, ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

સવાલ—વરસાદનાં પાણીનાં ટીપાં શું શું કામ કરે છે? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગામાં શો ફેર છે. સરોવર શી રીતે બનતા હશે ? સરોવરમાં કેવા પાણી હોય છે ? કયા સરોવરનું પાણી ખારું હોય છે ? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે અને ખારા પાણીનું કયું છે ? તળાવનું પાણી કેવું હોય છે ?

પાઠ ૪૧.	ખારું=ખારો	ઉતરી જવું તે ઓટ
ખલાસી=વહાણ હંકારવાનો ધંધો કરનાર.	ભરતીઓટ=નદી, ખાડી કે દરીઆમાં પાણીનું ચઢવું તે ભરતી, ને	મોજાં=છોળો,
બહોળો=ઘણો મોટો		કોડીઓ, શંખલા, છીપો } દરિઆઈ=પ્રાણીઓને રહેવાનાં ઘર

સવાલ—સમુદ્રનું પાણી ખારું શા માટે હોય છે? સમુદ્ર કેટલો ઉંડો હોય છે ? નદીનું પાણી શા માટે મીઠું હોય છે ? સમુદ્રમાં મોજાં શાથી થાય છે ? સમુદ્રનું પાણી રાતું, ભુરું, પીળું

દેખાવાનું કારણ શું? દરીઆમાં રેતી ક્યાંથી આવતી હશે? દરીઆમાં શું શું પાકે છે?

પાઠ ૪૨.

હજીરો=તાપી નદીના મુખ આગળ હવા ખાવાની જગા છે
મછવો=નાની હોડી
ભૂગોળ=પૃથ્વીનો ગોળો
ટંડેલ=વહાણ ચલાવનારો મોટો ખલાસી; સારંગ
માહીતી=ખબર
ભૂગોળ વિદ્યા=પૃથ્વીના ગોળા વિષેની વિદ્યા
પુરતી=જોઇએ તેટલી
મગીઆ=મગ જેટલી
નિશાન=એંધાણી
ભૂશિર=જમીનની અણી લાંબી વધીને દરીઆમાં ગએલી હોય તે
ઘુસે=પેસે
અખાત=સમુદ્રનો ફાંટો લાંબો વધી જમીનમાં ગએલો હોય તે
ઉપસાગર=પહોળા મોંનો અખાત
કાંપ=પાણીમાં ઘસડાઈ આવેલો કાદવકચરો; ચણુ
બાઝે=ઠરે
દ્વીપકલ્પ=જેની ત્રણ બાજુ પાણી ને એક બાજુ જમીન હોય તે.
ક્રિયા=કામ
સામુદ્રધુની=બે મોટા પાણીના ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ

સવાલ—હજીરો ક્યાં છે ને શાને માટે પ્રખ્યાત? દરીઆ વિષે થોડીક વાત કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે? દ્વીપકલ્પ એટલે શું? કઇ ક્રિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે? સામુદ્રધુની એટલે શું તે સમજાવો.

પાઠ ૪૩.

કારીગર=સુથાર, લુહાર કુંભાર, વણકર વગેરે; કારીગરી કરનાર
કૈલાઈ=ખંગીરદાર; વતનવાળો
વસવાયાં=સુથાર; લુહાર વગેરે ગામની વસ્તુનું કામ કરનાર લોક
આરા=પૈંડાની વચમાંના ફરતાં લાકડા કકડા
વાંસલો=સુથારનું લાકડા ઘડવાનું ઓજાર
ટકાઉ=મજબુત
ધમણ=વા ફુંકવાનો

સંચો [ગારી

તણુખા=સળગતી ચણુ-

ચોપાસ=ચારેબાજુ

વાટ=લોઢાનો ગોળ પાટો

સજ્જડ=સખત

ચાકડો=પૈંડા જેવું કુંભારનું ઓજાર

સોંદા=લચકા

કોસ=ગાઉ

ફાળકો=કામડીના જે ધાટ પર કાંતેલું સુતર વિંટાળવામાં આવે છે તે

તાંતણા=તાર

તાણાવાણા=વણવાની સાળપર જે ઉભા દોરા રાખવામાં આવે છે તે તાણા, અને આડા દોરા રાખવામાં આવે છે તે વાણા

ખાદી=દોટી

ખોળીઉં=ગોદડાનું પડ

જાજમ=પાથરવાનું રંગીત બિછાનું

સવાલ—ગાડાં અને હળમાં શેનું લાકડું વાપરે છે અને તે લાકડું વાપરવાનું કારણ શું ? લુહારને ત્યાં શું જોયું ? કુંભારને ત્યાં તેઓએ શું જોયું ? ઢેડવાડમાં ઢેડા શું કરતા હતા ? શણનું શું બને છે ? ગામડામાં વસવાયાં લોકો કયા કયા ધંધા કરે છે ?

પાઠ ૪૪.

ગામ=જેમાં થોડાં ફળીઆં ને થોડાં ઘર હોય તે

શહેર=જેનાં છોબંધ ને હારબંધ ઘરો ને સારાં સારાં બજાર હોય તે

છુટ્ટી=રજા

ગિલ્લીદંડા=મોઇ

દંડો=ગિલ્લી ઉડાડવાની એક હાથની લાકડી

તાલુકો=પરગણું

વળવાનો=ફરવાનો

દહાડો વળવાનો=ફાયદો થવાનો

રોજો=કબર ઉપર બાંધેલું મકાન

મસીદ=નિમાજ પડવાનું ઠેકાણું

કોતરકામ=પત્થર કે લાકડામાં કોતરેલું ચિત્રકામ

ટપાલ ઓફિસ=પોસ્ટ ઓફિસ

બજાર=હાટ

કારીગરી=કીસબ; બનાવટ; હુન્નર

વરાળયંત્ર=વરાળના જોરથી ચાલતો સંચો

સવાલ—ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ ક્યાં છે, શું છે, અને શાને માટે પ્રખ્યાત છે ?

પાઠ ૪૫.

મુખી=પટેલ
કચેરી=ઓફિસ
તગાવી=સરકારે ખેડુતને ધીરેલાં નાણાં
મહેસુલ=જમીન ખેડવા બદલ સરકારને ભરવાના રૂપીઆ; જમીનવેરો
હદ=સીમા; મર્યાદા
ફેરણીકારકુન=તાલુકાના ગામની સીમમાં ફરનાર કારકુન
હવાડો=કુવા નજીક ઢોરને પાણી પીવાને માટે બાંધેલી કુંડી
દુરસ્ત કરાવવું=માંગેલું સમરાવવું
ઓવરસીઅર=બાંધકામ ખાતાનો અમલદાર
ફોજદાર=તાલુકાનો પોલીસનો ઉપરી
મુકદ્દમો=કેસ
સાક્ષી=જુબાની
અવલકારકુન=મામલતદારના હાથ નીચેનો પહેલો કારકુન; થર્ડ ક્લાસ માજીસ્ટ્રેટ
જમાદાર=બે ત્રણ ગેટનો ઉપરી
ખૂટતા=જોઇતા
રજુ=હાજર
સખ્તી=જોરજુલમ
પગાર=દરમાયો
નાયક=સિપાઇની ટોળીનો ઉપરી
તિજોરર=તિજોરીનો ઉપરી
રસીદ=પહોંચ; પાવતી
કોથળી=થેલી
કારકુન=લખવાનું કામ કરનાર
ખત=દસ્તાવેજ; લેખ
હવાલદાર=પોલીસ પટેલના હાથ નીચેનો હલકા પગારનો સિપાઇ
નોંધવાનું=લખી લેવાનું
દવાખાનું=ઇસ્પિતાલ
છરી=શીતળા કાઢવાનું ઓજાર
શીતળા=સૈયડ; બળીઆ
કોચતો=કાણાં પાડતો
ચેપ=પરૂ; રસી

સવાલ—કુબેરદાસ ક્યાં જતા હતા? તેમની સાથે કોણ ગયું? મુખીએ કોને સલામ કરી? મામલતદારે શી શી વાત પૂછી? કુબેરદાસે શું જવાબ આપ્યો? ફોજદાર, ઓવરસીઅર અને તિજોરરનાં કામ કહો. વેચાણ. ગીરોખત કયું ખાતું નોંધે છે? કુબેરદાસ દવાખાનામાં શું કરવા ગયા હતા? અને ત્યાં કોની સાથે વાતચીત થઇ?

પાઠ ૪૬.

તાલુકો=ઘણાં ગામ મળી ને થએલો ભાગ
જિલ્લો=ઘણા તાલુકા મળી થએલો કલેકટરના તાબાનો મુલક
વિભાગ=ભાગના ભાગ
કમિશનર=વિભાગનો ઉપરી અધિકારી
કલેકટર=જિલ્લાનો મુખ્ય ઉપરી; જિલ્લાનો સુબો
મુલતવી રાખવું=થોડા વખત સુધી નહિ વસુલ કરવું તે
અમલદાર=અધિકારી
સુખકારી=આરોગ્યતા
દેખરેખ=તપાસ
ઇજનેર=બાંધકામ ખાતાનો વડો અધિકારી
ઇન્સ્પેકટર=તપાસણી કરનાર અમલદાર
વહીવટ=કારભાર
મામલતદાર=તાલુકાની જમાબંધી વસુલ કરનાર અમલદાર,
લેણુદેણુ=લેવું દેવું
મુન્સફ=સબ જજ

સવાલ—તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો. એ દરેકના ઉપરીને શું કહે છે? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી રખાવવી એ કોણ કરી શકે? પ્રાંતના મુખ્ય ખાતાનાં નામ દો અને એ ખાતાના મુખ્ય અમલદારને શું કહે છે તે કહો. તાલુકાના લેણુદેણુ સંબંધી દાવા કોણ ચુકવે છે? તાલુકામાં પોલીસ ખાતાનો મુખ્ય અમલદાર કોણ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાકતરને શું કહે છે?

પાઠ ૪૭.

બીના=બાબત; હકીકત
રેલ=પૂર
તીડ=અનાજ ખાઇ જનાર એક જાતનું પક્ષી
ખાક=મોલ
બંદુક=પિસ્તોલ જેવું હથિયાર
પરવાનગી=છુટ; રજા
આશા=ઉમેદ
ભલામણુ=સિફારસ
છુટ=રજા; પરવાનગી
હાલ=હમણાં
ડેપ્યુટી=મદદનીશ
કન્યાશાળા=છોકરીઓની નિશાળ
પરીક્ષા=તપાસ
શોધવા=તજવીજ કરવા
નાલાયક=નહિ ચાલે એવો
નિરાશ=નાઉમેદ
ખૂન=મારી નાખવું તે; ઘાત
જુબાની=સાક્ષીએ કહેલા બોલ; સાહેદી

સવાલ—કલેકટરને મુખીએ શી બાબતની અરજી આપી ? પોલી-સના ઉપરી સાહેબને શું કહે છે ? જિલ્લા જડજને શું કામ હોય છે ?

પાઠ ૪૮.

નાળું=પાણી જવાનું ગરનાળું
મૂળ=નદી જે ઠેકાણેથી નીકળે છે તે જગા
ડહોળું=કાદવવાળું
ચિકાર=એક કાંઠે ભરપુર
ઝરણું=જમીનમાંથી ફુટતી પાણીની સેરો
બરફ=ટાઢથી ઠરી ગએલું પાણી
ઠરી=જામી; બંધાઇ
થીજીને=ઠરીને
ઘટ=જાડો
કરચો=ઝીણા કટકા
હિમ=ઠાર
બાફ=વરાળ
કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ
ટીપાં=ફોરાં
ઝાકળ=ઠંડીના જોરથી હવામાંની વરાળનું પાણી થવું તે
અટકીએ=થોભીએ

પાઠ ૪૯.

દેવતા=અગ્નિ
ફુંકણી=ભુંગળી
વા નાખીએ=વીંજીએ
ગતિ=હાલચાલ
મીણબત્તી=મીણ સાથની વાટ
અંગારા=સળગતા કોયલા
તાજી=ચોકખી
ઠરી જાય=હોલવાઇ જાય
ગુંગળાઇ=રૂંધાઇ
જ્યોત=બળતું; ભડકો
દવ=જંગલમાં લાગેલી આગ

પાઠ ૫૦.

મિઠાઇ=ગળ્યા પદાર્થ
કંટાળતો=કાયર થતો
પુષ્કળ=ઘણું
મીઠું=લુણ; નીમક
મોળી=ફીકકી
બેસ્વાદ=સ્વાદ વગરની
સ્વચ્છ=ચોકખું
ખારીઆ=ચીભડાના કકડાને મીઠાના પાણીમાં બોળી સુકવી બનાવેલા તે
જીવ=જીવાત
તાજાં=તરતના
અગર=મીઠું પાકે તે જગા
જુઆળ=પાણીનું ચઢવું; ભરતી
કણી=રજકણ
સાંભરી=એકઠી કરી; ઉસરડી
ઢગલા=ઢગ
તરી આવે=ઉપર આવે
સિંધવ=મીઠાની એક જાત
જથાબંધ=ઘણું જ
દેશાવર=પરદેશ
સાર–માણસને પહેલે

નંબરે હવાની; બીજે નંબરે પાણીની; ત્રીજે નંબરે ખોરાકની; અને ચોથે નંબરે મીઠાની જરૂર છે. મીઠું સ્વાદમાં ખારૂં છે, છતાં મીઠું કહેવાનું કારણ એ કે તે ખોરાકને સ્વાદવાળો બનાવે છે.

પાઠ ૫૧.

ગંધક=પીળા રંગની ઝટ ભાંગી જાય એવી વસ્તુ
મતલબ=ઇચ્છા
ખાસ=ખસુસ; જરૂર
બરડ=ઝટ ભાંગે એવી
ચુરેચુરા=ભુકેભુકા
મૂળરંગ=અસલ રંગ
આંચ=ઝાળ
ધરી=પકડી
ભડકો=બળતું
વિસ્મય=નવાઇ
ગજરો=ફૂલનો માથામાં ઘાલવાનો તોરો
ઝાળ=આંચ
ઝાંખું=ફીકું; તેજ વગરનું
ઉડાવવા=બદલવા
ક્ષાર–ગંધકમાં રંગ ઉડાવવાનો ખાસ ગુણ છે

પાઠ ૫૨.

શોખ=મરજી; ઇચ્છા
અફાળી=પટકી; પછાડી
ખરબચડી=ખાડા ખબોચીઆં વાળી
ફટકડી=એક જાતની તુરા સ્વાદની વસ્તુ
બાજુ=પાસા
પાસા=કોરણો
પહેલદાર=પહેલવાળી; પાસાવાળી
હાર=કંઠો
કીમતી=ઘણી કિંમતનો
અકીક=રંગીત ચળકતા પત્થરની એક જાત
ઝવેરાત=હીરા, માણેક વગેરે રત્ન
ઝુમ્મર=કાચનું કે ધાતુનું ઝાડ

પાઠ ૫૩.

કોદાળી=જમીન ખોદવાનું ઓજાર
સમી=દુરસ્ત
ભઠ્ઠી=ધાતુ પીગાળવાનો મોટો ચુલો
પાનું=ફળ
એરણ=લુહાર, સોની વગેરે જેનાપર મુકી ટીપે છે તે ઓજાર
ટીપીને=ઘડીને
સીધું=પાંસરૂં
નળાઓ=ભુંગળીઓ
રવેશ=માળનો ઝુલતો ભાગ; ગોખ
ખીંટીઓ=ખુંટીઓ
ઘા કર=ટીપ
પોલાદ=ખરૂં લોઢું
કરવત=લાકડાં વહેરવા હથિયાર
બરતર=ભરીને બનાવે

સ્ક્રૂ=પેચવાળો ખીલો
કાનસ=રેતરડી
ઘડતર=ઘડીને બનાવેલું
નક્કર=સંગીન
પાધરું=બહારોબહાર

પાઠ ૫૪.

ઇંદ્રિય=શરીરના જે ભાગ વડે કામ અથવા ભાન થાય છે તે (જેમકે આંખ, કાન, નાક, જીભ, ચામડી, હાથ પગ, મોં, ગુદા, ઉપસ્થ)
મુખ્ય=મોટા
અંગ=ભાગ; અવયવ
સોપારીનાં ઝાડ=સોપા-રણ
ચોટી=વળગી; બાઝી
અગત્યનું=જરૂરનું
છિદ્રો=કાણાં
શોષી=ચૂસી
આધાર=ટેકો
એકાદું=એક
[illegible]=અટકળ; ધારણા
[illegible]; ઝીણાં

સાર—ઝાડના મુખ્ય છ અંગ છે. મૂળ, થડ, પાંદડાં, ફૂલ, ફળ, બી પહેલાં ત્રણ ઝાડને જીવાડનાર અંગો છે.

પાઠ ૫૫.

સીસાપેન=પેનસીલ
ઘટ=ઘાડું
ચીકણું=ચિકાશવાળું
ઘડીઆં=તાડી ભરવાનાં ઉંચી ડોકના ઘાડવા
છેદ=કાણું; વેહ
ઝરપે=ધીરેધીરે વહે
આરપાર=આ બાજુથી પેલી બાજુ
તાડી=ખાટો નીરો; ખજુરી કે તાડનો રસ
નીરો=ખજુરી વગેરેનો તરતનો ઝરેલો રસ
ખરસાણી=થુવેરની એક જાત
થોર=થુવેરીઓ
ગુંદર=ઝાડનો ચીકણો રસ
આંકડો=એક જાતનું ઝાડ (એના ફૂલ હનુમાનને ચઢે છે)
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે
સાબુચોખા=વાંસીઆ ચોખા
છાલ=છોડાં; ચામડી
રેસા=તંતુ; તાર
ડહોળી=વલોવી
ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ
હલકા=જલદી પચે એવા.

પાઠ ૫૬.

શુમારે=આસરે
ડુંડી=નાનું ડુંડું
ઉંબી=ઘઉંની કંઠી
સુખળાં=ડુંડા કે કંઠીની બાજુએ સોયા જેવું હોય છે તે
ખાંચ=પોલાણ
મુલક=દેશ
હાઉદખાની=પીળા, પોચા
વાળઆ=ઝીણા કાળાશ પડતા
પોટા=પોલા કુમસો
કુમસો=કુંભા પણ બરાબ

ફાડ=ભાગ
પુષ્ટિકારક=કૌવતઆપનાર
બરછટ=કઠણ ને ખર-
 બચડું લાગે એવું
થુલું=ભુસું; ચાળણ
બાફે=ગરમ પાણીમાંરાંધે
હવાલે=તારની ચાળણી
ઝાટકીએ=ઊપણીએ
ચાળણ=ચાળતાં બાકી
 રહેલો ભાગ; થુલું
રવો=ઝીણો દાણાદાર
 લોટ
વાની=ચીજ
આથો=ચઢીને ખાટું
 થએલું ખીરૂં
લોપડી=પટ્ટી
જખમ=ઘા
પોટીસ=ગુમડાં વગેરે
 દરદ પકવવા માટે ઘઉં
 અળસી વગેરેની બાફેલી
 લુગદી કરવામાં આવે
 છે તે

પાઠ ૫૭

બગીચો=બાગ
દાંડી=વચલી નસ
થોકડો=જથો; જુડો
ચૂંટી=તોડી
સાંકડું=નાનું
ગંજીફો=રમવાના પાનાં
માફક=પેઠે
કમળ=તળાવમાં થતું
 એક જાતનું ફૂલ
અળવી=અળુનાં પાદડાં
જથાબંધ=સામટું
કુંવાર=કુંવારનો છોડ
દાંતા=અણીવાળી કોર
અગથીઓ=અગથીઆનું
 ઝાડ
ગુલમોર=એક જાતનું
 ફૂલનું ઝાડ
કળી=ખીલ્યા વગરનું ફૂલ

પાઠ ૫૮.

જીવજંતુ=નાનાં જીવડાં
પતંગીઉં=એક જાતનો
 સુંદર પાંખવાળો કીડો
વર્ગ=જાત
જઠર=ખાધેલું પચાવ-
 વાની કોથળી
ખૂબસુરત=દેખાવડી
બીલકુલ=સમુળગી
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી
 જાત હોય તે
પાંખ=પર
વૈતરી=વેઠ કરનારી
અવસ્થા=દશા; હાલત
બદલવી=ફેરફાર કરવી
ઇયળ=પેટે ચાલનાર કીડો
પોષણ=ગુજરાન
કોશેટો=લાંબી ગોળ દડી
નિરાંતવાળી=નચિંત થઇ
અવતાર=એક રૂપ બદલી
 બીજા રૂપમાં આવવું તે
પુડા=મધમાખીનું ઘર
હુમલો=હલ્લો
કુટુંબ=વંશ; ઓલાદ
વંદા=વાંદા

પાઠ ૫૯.

ભાગોળ=શહેર કે ગામમાં
 પેસવાનો દરવાજો
ઘોળાયા કરતો=વારંવાર
 યાદ આવતો
ભાથું=મુસાફરીનું ખાવાનું

સમડી=કાગડાનો આકા-
રનું મોટું પ્રાણી
તીર=કામઠું
ઘસારાબંધ=ઝડપથી
નજર=નીગાહ; ધ્યાન
નહોર=તીણા નખ
ચીરે=ફાડે
કરાંઠી=કપાસ, તુવાર, વગે-
રેની સુકાઇ ગએલી
ડાળી
સરી=લપસી
અંધારાં=ચક્કર;ફેર; તંમર
ગીધ=ફાડી ખાનારૂં મોટું
પક્ષી
ઢોળાવ=ઢાળ
ગરદન=ડોક
પુરૂં કરે=ખાઇ જાય
ખાઉધરાં=ખાતાં ધરાય
નહિ એવા;અકરાંતીઆ
ગળે છે=ઉતારી દે છે.
કોહેલું=સડેલું
કમકમાટ=ચીતરી; કાળો

પાઠ ૬૦.

ઠેકડા=કુદકા
દોડાદોડ=નાસાનાસ
ભપકાદાર=શોભિતા
સુંદર=ખૂબસુરત
વલવલાટ=ઠરીને નહિ
બેસવું તે; વલોપાત
રમુજ=આનંદ
બદન=શરીર; અંગ
પીઠે=બરડે; વાંસે
કાબરચીતરી=ઘણી કાળી
અને થોડી ધોળી એવી
ગુચ્છાવાળી=ઝુમખાજેવા
વાળવાળી
છોડાં=છોતરાં
ગર=માવો
કુમળી=નરમાશવાળી
કુંપળ=ફણગો; અંકુર
કાતરી=કાપી
રાક્ષી=બને બાજુપર
અકેકો અણીદાર દાંત
હોય છે તે
રુવાંટી=ઝીણા વાળ
ચબર=ચાલાક; ચંચળ

અવાજ=સાદ
ખાતકી=ખુની
દુશ્મન=શત્રુ
બચાવ=રક્ષણ
પોલાણ=પોકળ ભાગ
ઝુમખો=જથો
છત=છાજ
બીકણ=બીએ એવું
નજરે પડતું=દેખાતું
ખાસ કરીને=ઘણું કરીને
દૂરનું દૂર=આઘે
તેજ=ચાલાક
કૌવતવાળા=મજબુત;
જોરવાળા
ઉપરાઉપરી=એક પછી_
એક
ફાળ=કુદકો; છલંગ
ઘટ=ઝાડી
રતુમડો=રતાશ પડતો
કલ્લા=પુળા
રહેઠાણ=વાસ; મુકામ
તુલ=અનાજના છોડ
સમીસાંજ=સંધ્યાકાળ

પાઠ ૬૧.

પૂછડીહલાવતો=ખુશથતો
ફરી વળ્યા=વીંટળાયા
શરત=હાર જીત
ખંખેરી=ઝાટકી
હઠે=દૂર જાય: ખસે
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
પંજા=પાંચ આંગળાં
  જેટલો ભાગ
ગળફું=દોટ
ભરોસાદાર=વિશ્વાસુ
મમતાવાળું=માયાળુ
તાબેદાર=હુકમમાં રહેનાર
પન કરતી=લેખતી;
  ગણકારતી
માન=આબરૂ; મોટાઇ
ભાવ=પ્યાર; હેત

પાઠ ૬૨.

સવાલ=પ્રશ્ન
ટટાર=સીધા
અણીપડતાં=અણીવાળા
દેખાવ=શોભા; ભરાવ
ભભૂકટ=કરકરા
બગાસું ખાય છે=આળસ
  દૂર કરે છે
ડાચું=જડબું
જોરાવર=બળવાન
નળો=ઘુંટણથી પાટલી
  સુધીનો પગનો ભાગ
વિકરાળ=ડરામણું
છાતીવાળું=હિંમતવાન
હુમલો=ધસારો
ટુકડી=ટોળી
બદામીરંગ=બદામના રંગ
  જેવું
ભુરાશ પડતી=ભુરાશપર
પાદર=ગામના ઝાંપા
  બહારની જગા
કીકિઆરી=ચીસ
પકવું=પહોંચેલું; પેક
ખંધું=લુચ્ચું
ભમે=ભટકે; રવડે
ભારો=ગુચ્છો
ખોળ=શોધ; તપાસ
દરાખ જેવાં=ગળ્યાં;મીઠાં
વાઢ=શેરડીનું ખેતર
બખેડ=લુચ્ચાઇ

પાઠ ૬૩.

ઘુરકવા=ડોળા કાઢવા
ખાતર=માટે; વાસ્તે
પજવો=હેરાન કરો
કોઠી=નાનો કોઠાર
નુકસાન=બગાડ
કીકી=આંખના ડોળાની
  વચ્ચેનો ગોળ કાળો ભાગ
સહેલાઇથી=થોડી મહેનતે
શોભા=દેખાવ
જ્ઞાન=સમજ
ખબર=જાણ
ઘોર=ઘણું બિહામણું
મ્યાન=તરવારનું ઘર
ચીરૂં=ફાડું
કરકરી=ખરબચડી
છોલી=ફોતરાં કાઢી
ઉપયોગીપણું=જરૂરિ-
  આત
સતાવશો=દુ:ખ દેશો
મહેરબાની=દયા
ગુણ=પાડ
કાસળ કાઢવું=જડ
  મૂળથી નાશ કરવો

પાઠ ૬૪.

સિંહણ=સિંહની માદા
અજાયબ=નવાઈ
ધ્યાન=ચિત્ત
અગ્નિ=દેવતા
યાળ=કેશવાળી; ઘોડા કે સિંહની ડોકપરના વાળ
ઠેલણુ=હડસેલી શકાયતેવી
ઘુઘવાટા=ઘૂ ઘૂ કરતા અવાજ
ગર્જના=સિંહનું બરાડવું તે
ધ્રુજતાં=કાંપતાં
ભયંકર=બિહામણા
વાઘણ=વાઘની માદા
ગોસ=માંસ
ચળકે=ઝળકે
ભો=બીક
ઠેકાણું=નિયમ
ચાખેલ=સ્વાદીઓ
વસ્તી=વાસો; રહેઠાણ
ચાડાં=ડાબા
દીપડો=વાઘની જાતનું પ્રાણી
આંતરે=ઘેરે, કબજે કરે
હેરાન=દુઃખી

પાઠ ૬૫.

ગોકળગાય=પરમેશ્વરની ગાય
કરોડ=વાંસની વચમાંનું ઉભું હાડકું
દવાખાનું=ઇસ્પિતાલ;
હાડપિંજર=હાડકાનું ખોખું
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યુ=લટકાવ્યું
બિહામણું=ડરામણું
ગરદન=બોચી
પાંસળી=પાસા પરની હાડકી
બેડોળ=કદરૂપું
ભરાઉ=ભરેલું
બેશક=નક્કી; ખચીત
કૌવત=જોર; બળ
અવયવો=ભાગો
ખોપરી=મગજનો ડાબડો
મગજ=ખોપરી અંદરનો નરમ ભાગ
ફેફસાં=દમ ભરવાની કોથળી
હૃદય=લોહીની ટાંકી
થાપા=કુલાની પાસેનો જાંઘનો ભાગ
ફુકકો=દમ ભરવાની કોથળી
સંરક્ષણ=સાચવવું તે.
રેસા=તાર; તાંતણા
સંકડાય=સંકોચાય
ગોટલો બાઝે છે=એક ઠેકાણે એકઠો થાય છે.

સવાલ ૧) માંસ પેશી શેની બનેલી? છે સ. ૨) હાડકાંની જરૂર શા માટે છે? સ. ૩) સાંધામાં કયો ગુણ છે કે જેથી તે વાંકા ટુંકા થઇ શકે છે? સ. ૪) શરીરમાં કેટલાં હાડકાં છે?

પાઠ ૬૬.

કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરનું બનાવેલું તે
ઢાંકણુ=કવર; પડ
ચામડી=ત્વચા
સુંવાળી=લીસી
ઢીમું=ઢીમણું
રક્ષણ=સંભાળ; બચાવ
ગોડ=રસવિકારની ગાંઠ
ઉપસી=ઉંચી આવી
પડ=પોપડો
ખરી પડે=જતી રહે નીકળી જાય
ફુઝાતાજાય=ફુઝ આવતી જાય
દરદ=દુ:ખ
નિશાની=એંધાણી
લર્હૂ=જખરી
આળુ=જરા અડક્યાથી પણ દુખાય તેવું
ભોંકે=ઘોંચે; ઘાલે
ખાલ=ચામડી; ત્વચા
=ભાડે=છેડે
ખમાતું=સહન થતું
ઓસીકું=નાનો તકીઓ
દાખલો=ઉદાહરણ
ખોળીઉં=ઉપલું પડ
હેઠલું=નીચેનું
ગલેફ=ઓસીકા કે ગોદડાંને ચઢાવેલા પડ
સૂક્ષ્મદર્શક=નાની ચીજને મોટી દેખાડનાર
અસંખ્ય=અગણિત; ઘણાજ
રેખા=કાપા
ગરમ=હુંફાળું
ગેડો=ગેંડીનો નર

સ. ૧) શરીરનું ઢાંકણુ કયું ? સ. ૨) ચામડીનો ઉપયોગ કહો સ. ૩)ચામડીમાં કેટલા પડ છે ? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ. ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીનીરચના સમજાવો. સ. ૭)જેના શરીર પર વાળ વધારે હોય તેની ચામડી કેવી હોય .છે?

પાઠ ૬૭.

સુરત=તાપી નદીને કાંઠે શહેર છે
ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે
તળીઉં=નીચેનો ભાગ
ખાસું=મજાનું; સારું
કમાવેલું=પકવેલું
તરડે=તરડ પડે; ચીરો પડે; ફાટે
ટકે=નભે; ચાલે
પહેર્યા=ઘાલ્યા
બીક=ડર; ભો
ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હોય તે જગા
કોથળી=થેલી
વાસ મારતી=ગંધાતી
ઠરાયું=ઠુંઠું રહેવાયું
ટાંગી=લટકાવી
રાંપી=ચામડું સાફ કરવાનું ઓજાર, ઓજાર [illegible]

જીન=ઘોડાની પીઠ પર [illegible]વાની ચામડાની ગાદી

કુમળું=નરમ

મશક=પાણી ભરવાનો ચામડાનો કોથળો

સ. ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી જતું નથી? સ. ૨) જોડા પહેરવાથી શો લાભ? સ. ૩) ચામડાને કેળવવાની રીત કહો. સ. ૪) ચામડાની કઇ કઇ ચીજો થાય છે?

પાઠ ૬૮.

ઊન=ઘેટાના વાળ

ઢોરઢાંકર=બળદ, ઘોડા વગેરે

ઓઢો=બળદને ઓઢાડવા માટે સીવેલું કપડું

ગરમાવો=હૂંફ; ગરમી

ઉતર્યાં=પુરા થયા; ગયા

ઓસડી=પોટલી

કાંતવું=લાંબા દોરા કાઢવા

ઊઠવેઠ=કડાકુટ; માથાકુટ

વાંકડીઆ=ગુંચળીઆ

ભરાઉ=પાંસે પાસે

ટકાઉ=મજબુત

હૂંફ=ગરમાવો

સાચવી=સંભાળી

દુઆ=ઝીણા જીવડાં

વારકુટ=જેકીટ; એક જાતનું બાંય વગરનું બદન

ઝબ્બો=પગની પાની સુધીનો ડગલો; જામો

કબજો=બાંય વગરનું બદન

સ.૧) ઘેટાંને ટાઢ કેમ વાતી નથી? સ. ૨) ભરવાડ ક્યારે ઊન કાતરી લે છે? સ. ૩) ઊનનો ઉપયોગ કહો. સ. ૪) ઊનનાં કપડાંથી ટાઢ કેમ વાતી નથી? જ. ૪) શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી

પાઠ ૬૯.

ચોઘડીએ=વખતે

આંગણું=બારણા આગળની જગા

એઠક=ભોંયતળીઆની ઉંચાઇ

ખાસ=જાણી જોઇને

તળીઉં=નીચેનો ભાગ

ભેજ=શરદી

કુંભી=ઘરના ઉભા આડા લાકડા બેસાડવા માટેની બેસણી

સાગ=લાકડાની એક જાત

છોલાણું=છો દેવરાવવી તે

પરસાળ=ઘરમાં પેસતાં પેહેલો ખંડ આવે છે તે

ઓસરી=ઓટલી

દેરાસર=દેવને રાખવાનું ઠેકાણું

પુજા=સેવા

રસોડું=રાંધણી; રાંધવાનો ઓરડો

પાણિઆરું=પાણીના બેડાં તથા ગોળી મુકવાની જગો

કોઠાર=અનાજ ભરી મૂકવા માટે લાકડાનો કે કાદવનો બનાવેલો ઘાટ
ધુમાડીઉં=ધુમાડો નીકળવા માટે બાંધેલું તે
ધેરાઇ=મરાઇ
વેદના પગલાં થતાં નથી=રોગ આવતો નથી.
જાજરૂ=સંડાસ
વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન
ક્યારો=ચોરસ ખાડો
છીંડી=ઘરની પછાડીના નેવાં પાડવાનો ભાગ
સીડી=નીસરણી
દિવાનખાનું=બેસવા ઊઠવાનો મુખ્ય ઓરડો
ખુબીથી=સફાઇથી
વેલ=વેલા
ખીંટી=ખુંટી
તાકા=મોટા ગોખલા
મોભ=છાપરાની વચમાંનું આડું લાકડું
સાકટી=વળી
પકવાસા=છાપરાના સાકટા સાથે જડેલી પાટીઆની ચીપો
કામડું=વાંસની બે ફાડ માંની એક ફાડ
સરડાવવું=છાપરા ઉપર કામડાં બંધાવવાં
છત=છાજ
નરદમ=તદ્દન
ઝરૂખો=ગોખ; અટારી
બેશક=નક્કી
સવડવાળું=સગવડ ભરેલું; વગવાળું

પાઠ ૭૦.

ઓછાયો=ઓળો; પડછાયો
છાયાયંત્ર=ઓળાપરથી વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય
મદારી=ખેલ કરનાર
સ. ૧] અસલના વખતમાં ઘડિઆળ હતાં? અસલના લોકો વખત શા ઉપરથી જાણતાં?

પાઠ ૭૧.

ઘડિઆળ=વખત જાણવાનું યંત્ર
ચંદો=ઘડિઆળમાં આંકા માંડેલો ગોળ ભાગ
પગથીઉં=નાની ઓટલી
I=એક
II=બે
III=ત્રણ
IV=ચાર (૫-૧)
V=પાંચ
VI=છ (૫+૧)
VII=સાત (૫+૨)
VIII=આઠ (૫+૩)
IX=નવ (દસ-એક)
X=દશ
XI=અગિઆર (દશ+એક)
XII=બાર (દશ+બે)
કુંડાળું=ગોળ ચકરડું
મિનિટ=અઢી પળ; સાઠ સેકંડ
અંતરે=છેટે
કમાન=પોલાદની પટી કે તારનું ગુંચળું

સામટા=ભેગા
મધરાત=વચલી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી

સ. ૧) ઘડિઆળમાં કેટલા કાંટા હોય છે? સ. ૨) બંને કાંટા સરખા હોય છે? સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે? સ. ૪) ઘડિઆળ જોતાં શીખવાને માટે પહેલું શું ઓળખવું જોઇએ? સ. ૫) ચંદા પર કેટલે સુધી આંકડા માંડેલા છે? સ. ૬) નાનો કાંટો આઠ પર હોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે?

પાઠ ૭૨.

પડીકું=બંડલ
સમતોલ=સરખું વજન
ત્રાજવું=તોલવાનું સાધન
તોળવા=જોખવા
દાંડી=ત્રાજવા બાંધે છે તે લાકડી
ચીચવો=એક ઉભા લાકડાપર બીજા આડા લાકડાની વચમાં સાલ ઘાલી બે છેડે બેસવાની રમત
મધ્ય=વચલા
સેજસાજ=જરા
છેતર્યો=ઠગ્યો
પલ્લું=છાબડું
પાધરો=સીધો
તોલ=વજન
સમ=સરખી
યુક્તિ=તદબીર
ખાધ=નુકસાન; ખોટ

સ. ૧) આપણને માલ ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ રાખવી?

પાઠવાર અઘરા શબ્દો.

(પાઠ ૧) વાર્તા, પદાર્થપાઠો, ચિત્રો, હોશિયારી, પુસ્તકો, વનસ્પતિઓનું. (પાઠ ૨) લિપિમાં, બ્રાહ્મણી, પંડિતો, અજાણ્યુ, આગ્ના, અનુસ્વાર, વિસર્ગ. (પાઠ ૩) ટહુ, કળિયુગ, ઉતર્યો, બુદ્ધિ, હિંડોડે, ખર્ચુંપાન, શ્રાવકનો, જાત્રાએ, બિચારૂં, [illegible]. (પાઠ ૪) ધણીધણિઆણી, ઇશ્વરભક્તિ, ઇશ્વરકૃપા, [illegible], સ્વભાવ, સ્ત્રીઓને, અભ્યાસ, ઇચ્છે, સોંપ્યો, ખસ્યો,

બુદ્ધિમાં, આશ્ચર્ય. (પાઠ ૫) લગ્ન, પ્રીત, ખવાડયું, આશિષ, ખૂંચેલો, (પાઠ ૬) ઇન્સાફ, વિજયનગર, પૈસાદાર, સત્તો, ખરીદ્યા, મિલ્કત, વર્તીશું. (પાઠ ૭) પરમેશ્વર, પૈસો, અટકાવ્યો, વિશ્વપતિ, જગકર્તા, ભૂલ્યો, (પાઠ ૮) ઇશ્વરસ્તુતિ, વિશ્વસ્વામી, સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ, નિવારો. (પાઠ ૯) સિંહ, અત્યારે, ગર્વ. (પાઠ ૧૦) પ્રમાણિક, કિંમત, ગર્વ, આગ્રહ, ધન્ય. (પાઠ ૧૧) જાપ્તો, તૂટી, દ્રવ્ય, ભેળ્યું, ભુંડું, તાકયું. (પાઠ ૧૨) યુધિષ્ઠિર, અર્જુન, ક્રોધ, વર્તણુકથી, દુર્યોધનથી, દ્રૌપદી, ચિત્રગુપ્ત, ગંધર્વ, અંતઃકરણ, ગુસ્સે. (પાઠ ૧૩) ડાહ્યો, ન્યાયાધીશ, પ્રીતિ, ચર્ચા. (પાઠ ૧૪) ગૃહસ્થ, નિસાસો, કદાપિ. (પાઠ ૧૫) મહોલ્લામાં, મશ્કરી, આગ્રહ, સ્વાદે. (પાઠ ૧૬) રિવાજ, વર્તમાનપત્ર, ઉત્તર, લક્ષ્મી, પત્થર, ઝુંપડાં, ભટકતી, વિદ્યાર્થી. (પાઠ ૧૭) રિવાજ, વર્તમાન પત્ર, ઉત્તર, લક્ષ્મી, પત્થર, ઝુંપડાં, ભટકતી, વિદ્યાર્થી. (પાઠ ૧૮) સ્વચ્છ, ચોંટાડયાં, ઇંદ્રિય, સ્થિતિ, ડાક્તર, પ્રસંગ, અકસ્માત, ધ્યાન, છિદ્રો, નાહ્યા, અટકયું. (પાઠ ૧૯) વિદ્વાન, પ્રમાણિક, નિર્ણય. (પાઠ) ૨૦ દિલ્હી, પ્રખ્યાત, પરાક્રમી, વિદ્યાનો, વિષયો, નિશ્ચય. (પાઠ ૨૧) મચ્છર, ફાટયો, યુક્તિથી, ગર્વથી, અભિમાની, નમ્ર. (પાઠ ૨૨) પત્રવહેવાર, સ્થાપન, આફિસ, ટિકિટ, પરબિડિયાં, પત્તા, તીર્થરૂપ. ચિરંજીવી, રાજેશ્રી, પ્રિયભાઈ, સૌભાગ્યવતી, ગંગાસ્વરૂપ, ઢુંકું, પત્તો, જિલ્લો. (પાઠ ૨૩) દોડાવ્યો, અલ્લાહ, વિનંતી, આશ્ચર્ય, ભિખારી, સ્થિતિને, ભેટયો, ઇર્ષાખોર, દેશનિકાલ. (પાઠ ૨૪) વાદવિવાદ,

ધુતં, પ્રાણી, પ્યારૂં, ક્રૂર, સ્વારી, શ્રેષ્ઠ, ન્યાય, નિર્દોષી, વ્યાપાર, અથડાય. (પાઠ ૨૫) ધક્કો, ફોડાવ્યો, કુટયો, દોષ, સદ્ગુણી. (પાઠ ૨૬) પ્રદર્શન, ગૂંથે, તલ્લીન, વિષય, સંખ્યામાં, નોતમલાલ, વિલાયતમાં. (પાઠ ૨૭) કિલ્લો, અગત્ય, પુષ્કળ, વિના, સંગ્રહ. (પાઠ ૨૮) પિત્તળના, ચળકાટ, પ્યાલા, કઠિયારા, વળેલો, તરસ્યા, વિસામો, ધર્માદા, ચોકખું. (પાઠ ૨૯) શેખચલ્લી, તર્કપ્રસાદ, ગુરુની, વળગ્યો, તર્ક, વિદ્યાનો, ઉપાડયો, ધુણાવ્યું, ભાંગ્યો, ઉદ્યમે, ચેતવ્યો. (પાઠ ૩૦) મુકાવ્યો, દોડયો, ગોથું, ઉડાડ, પ્રયાસ. (પાઠ ૩૧) મળસ્કે, તરુવર, વનસ્પતિ, જળધારે, પોઢે, સંતોષ, વિપત્તિઓ, ચિંતવ્યા. (પાઠ ૩૨) પ્રકારની, ઈચ્છતા, ડહેલી, હુકકો. (પાઠ ૩૩) પિડાય, ગંદું, મંદવાડ, જંતુઓ, ખુણેખોચરે, પાથરણું, શ્વાસ, બિછાનાં, ઢોળાય, ઝાડીઝુડી, દુર્ગંધ. (પાઠ ૩૪) કૈકેયી, શત્રુઘ્ન, અયોધ્યામાં, કૌશલ્યા, સુમિત્રા, લક્ષ્મણ, પ્રાણથી, વૃદ્ધ, સ્વભાવવાળી, પ્રીતિ, ઉથાપશે, ચૌદ, ધિક્કાર. (પાઠ ૩૫) ઢોલ, ટોળું, ઝબકારા, સ્થિર, ચર્મ[illegible]વાળો. (પાઠ ૩૬) ગ્રીષ્મ, શ્યામ, મહિમાય, ઝૂલે, કોકિલા, સુગંધ, ચિત્ત, આમ્ર, પ્રફુલ્લ. (પાઠ ૩૭) વસાવ્યું, ડહાપણ. (પાઠ ૩૮) પ્રહ્લાદ, ઝરણો, પુરુષોના, પુતળાં, ઓળંગી, ખડક, ટોચ, દહેરૂં, મુશ્કેલ, હિવાલો, વાયવ્ય, ઓરંગા, પ્રવાહ, ઉતર્યો, પાટીઉં, આકૃતિ, ગોઠવ્યા. (પાઠ ૩૯) દેવસ્થાન, [illegible], [illegible]માં, શેત્રુંજે, તળેટી, તૂટીને, [illegible]ની,

શિખર, પાલિતાણા, દેવકીઉનાઈ, લસુંદ્રા, પીગળેલો, ઠંડું ભિંજાય, તૂટી. (પાઠ ૪૦) જન્મ, બન્યું, ગમ્મત, પૃથ્વી, શક્તિ, નિચાણ, સમુદ્ર, પશ્ચિમે, સરિતા, નિર્મળ, ચિત્રવિચિત્ર, કિનારે, પિછાણીએ. (પાઠ ૪૧) શાહમોહંમદ, ભુરૂં, તાણી કોડીઓ, વીણવા. (પાઠ ૪૨) ભૂશિર, ભૂગોળવિદ્યા, ટકેશ, નિશાન, અથડાય, પુષ્કળ, ક્રિયા, દ્વીપકલ્પ, હંમેશાં, સામુદ્રધુની. (પાઠ ૪૩) ઇચ્છું છું, ત્રણેક, ભર્ડું।માંથી, સળગાવેલાં, પૈંડાની, રેડયું, સજ્જડ, ચોંટી, લોંઠા, ઢડવાડામાં, ગોદડાંના, ખોળીઆં, ઝાંપે. (પાઠ ૪૪) છુટ્ટી, ગિલ્લીદંડા, કિલ્લો, ઓફિસ, છંટાય છે, રાત્રે, વરાળયંત્રથી, મીણબત્તી. (પાઠ ૪૫) દુરસ્ત, ખૂટતા, સખ્તી, લપેટી, તિજોરર, કોથળી, દાકતર. (પાઠ ૪૬) કલેકટર, ઇન્સ્પેક્ટર, મુન્સફ, ચોર્યાસી, કમિશનર, અધિકારી, અગત્યના, ઓછોવત્તો, ડેપ્યુટી, બોર્ડ, સંમતિ, સિવિલસર્જન. (પાઠ ૪૭) શાંતલાલ, પરીક્ષા, કાંઠા, હથિયાર, કન્યાશાળા, નિરાશ, નીમ્યા. (પાઠ ૪૮) શીખવ્યું, ફૂટતાં, થીજીને, સૂર્યનાં, કિરણો, પૃથ્વી, ઝાકળ, પહોંચ્યાં. (પાઠ ૪૯) ફૂંકીએ, અંતિમાં, ઢાંકુ છું, ઠાલવી. (પાઠ ૫૦) અગ્રેજી, ગોવિંદ, મિઠાઇ, મોળી, ખોળું છું, બેસવાદ, સ્વચ્છ, બાઝી, મુશ્કેલ. (પાઠ ૫૧) વિસ્મય, ગ્યાલું, હલાવ્યું, હેઠળ, સળગાવ્યો, લિલાશ, પદાર્થ, ચૂંટી, ઝાળ, ધર્યું. (પાઠ ૫૨) ગોઠવ્યાં, અફાળી, વાંકીચુંકી, ગુરુજી, ખડકમાંથી, ઝુંમર. (પાઠ ૫૩) સ્કૂ, મિત્ર, દીર્ઘ, [illegible]

વળ્યા, ચપટો, તાળાં, કઠેરા, દિવાલની, ખીંટીઓ, ઘડિયાળ, ચપ્પુ, નક્કર, સિવાય. (પાઠ ૫૪) ઇંદ્રિયો, ઉત્પન્ન, પાંદડાં, ફૂલ, ચોંટીને, ટટાર, અગત્યનું, છિદ્રો, ચૂસે, શોષી, ખ્યાલ, મોંઢાં. (પાઠ ૫૫) દોડતા, પિળાશ, ઢીંગલીઓ, ચોંટાડવાને, ઢુંઢું, નિતારી, ડહોળી. (પાઠ ૫૬) પુષ્ટિકારક, ડુંડી, ઉંબીમાં, કુમસો, અડદ, થુલું, સુંઘીને, પલાળીને, ફોલ્લા. (પાઠ ૫૭) દોડ્યા, સાંકડું, શોધી, ચિરાંએલાં, અગથીઆનાં, કૃષ્ણલાલ. (પાઠ ૫૮) અવસ્થા, ભટક્યા, સૂંઢ, ખૂબસુરત, વૈતરી, ઇંડાં, કીડિઆરામાંથી, નિરાંત. (પાઠ ૫૯) બાથું, ઉતર્યો, શોધ્યો, પ્રાણી, ખાઉધરાં, કોહેલું. (પાઠ ૬૦) ગુચ્છાવાળી, કુંપળો, રાક્ષી, સુંવાળી, ઓચીંતી, કલ્લામાં. (પાઠ ૬૧) ગભરૂી, અક્કલવાળું. (પાઠ ૬૨) શિઆળ, શ્રીધર. (પાઠ ૬૩) તાળ્યું, તળીઆ. (પાઠ ૬૪) અગ્નિ, ગર્જના. ધ્રૂજતાં, ચોંટ્યું, ઠેલણગાડી, ભૂખ્યો, વસ્તી, પાંજરૂં. (પાઠ ૬૫) ગણ્યાં, હાડપિંજર, ટાંગ્યું, બિહામણું. કૌવત, કુકડો, માંસપેશી, રેસાની, સંકડાય. (પાઠ ૬૬) સૂક્ષ્મદર્શક, હાઝીએ, ફ્ફ્રો, ઉંદું, ભોંકે, હેઠલું, અસંખ્ય, ઋતુમાં. (પાઠ ૬૭) ઠરાવ્યું કુક્કર. (પાઠ ૬૮) ચારકુટ, ઝભ્ભા, ઊઠવેઠ. (પાઠ ૬૯) ઓવાણું, પાણિઆરૂં, તુળસીકયારો, છીંડી, ચીતરાવ્યાં, શરડાવ્યું, અભ્યાસ, ઝરૂખામાં. (પાઠ ૭૦) ઘડિઆળ, મિનિટ, ચક્કર, ઠલવાઇ. (પાઠ ૭૧) અઠ્ઠાવીસ, અથડાય, અંગ્રેજીમાં. (પાઠ ૭૨) ત્રાજવું, કાટલું, તોળ્યું, બાંધ્યું, જોખ્યું, [illegible], [illegible] મૂક્યું.

કડાંની ડ્રિલ.

કડાં લોઢાના સળીઆનાં બનાવેલાં હોય છે. અને તેનો વ્યાસ એક બિલ્લસ જેટલો હોય છે; અને તેની જાડાઈનો પરીધ બે ઇંચનો હોય છે; તે રાતા, વાદળી વગેરે તરેહ તરેહના પાકા રંગથી રંગેલાં હોય છે; સૂચના—૧) કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે કડાં હાથ સાથે લટકતાં રખાવવાં. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીન પર મુકાવી દેવડાવવાં, મૂકતાં અવાજ ન થાય તે બાબત સૂચના આપવી. ૩) કડાં મુઠીમાં જોરથી દાબીને પકડવાં, અંગુઠો ટેકણમાં કડાં ઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવાં સુગમ પડશે. તૈયાર—કડાં લેવા તત્પર થવું આજ્ઞા—બે કડાં બે હાથમાં લઈ હાથ નીચે લટકતા રાખવા. રમત ૧-૧)બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા લટકતા. રમત ૨)—૧ બેઉ હાથ સીધા લાંબા ખભાની સીધી લીટીમાં (મુઠીઓ સામાસામી) ૨) બેઉ હાથ પીડગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવા. રમત ૩)—બે કડાં એકઠાં કરી વચ્ચેથી બેઉ હાથે સામસામા પકડવા. ૧) ઘુંટણમાંથી પગ વાળી પગના આંગળાંપર વજન રાખી બેસવું. એડી ઉંચી રાખવી. (હાથ બે પગ વચ્ચે સીધા રાખવા) ૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવા (ઉભાં થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ. રમત ૪)—કડાં છુટા કરી એકેક હાથમાં પકડવાં ૧) જમણો હાથ જમણી તરફ ખભાની સીધી લીટીમાં લંબાવવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) એકથી ઉલટું. રમત ૫)—૧) જમણો હાથ સામો લાંબો કરવો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) ૨) એકથી ઉલટું. રમત ૬) ૧) જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો. (૨) એકથી ઉલટું. રમત ૭)—૧) બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામી)

૧) ૨) બેઉ કડાં પગના. આંગળા (પગ ઘુંટણમાંથી સીધા રાખવા) રમત ૮–બેઉ હાથ ઉંચા (મુઠ્ઠીઓ સામસામે ૧) જમણો હાથ મોં સામેથી ઉપથી તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (ડાબો હાથ લટકતોજ રાખવો) ૨) એકથી ઉલટું. રમત ૯–૧) બેઉ હાથ સામા લાંબા (મુઠ્ઠીઓ સામસામી) ૨) બેઉ હાથ પાછળ લાંબા. રમત ૧૦–૧) બેઉ હાથ ખભાની સાધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અડકાવવા.

આનાની ધાત.	૬૮ – રૂ. ૪।	૭૦ – રૂ. ૪।=
૪ – રૂ. ૦।	૭૨ – રૂ. ૪॥	૮૦ – રૂ. ૫)
૮ – રૂ. ૦॥	૭૬ – રૂ. ૪॥।	૯૦ – રૂ. ૫॥=
૧૨ – રૂ. ૦॥।	૮૦ – રૂ. ૫)	૧૦૦ – રૂ. ૬।
૧૬ – રૂ. ૧)	૮૪ – રૂ. ૫।	૧૦૦૦ – રૂ. ૬૨॥
૨૦ – રૂ. ૧।	૮૮ – રૂ. ૫॥	૧૬ – રૂ. ૧)
૨૪ – રૂ. ૧॥	૯૨ – રૂ. ૫॥।	૩૨ – રૂ ૨)
૨૮ – રૂ. ૧॥।	૯૬ – રૂ. ૬)	૪૮ – રૂ. ૩)
૩૨ – રૂ. ૨)	૧૦૦ – રૂ. ૬।	૬૪ – રૂ. ૪)
૩૬ – રૂ. ૨।	૪૦૦ – રૂ. ૨૫)	૮૦ – રૂ. ૫)
૪૦ – રૂ. ૨॥	૮૦૦ – રૂ. ૫૦)	૯૬ – રૂ. ૬)
૪૪ – રૂ. ૨॥।	૧૦ – રૂ. ૦॥=	૧૧૨ – રૂ. ૭)
૪૮ – રૂ. ૩)	૨૦ – રૂ. ૧।	૧૨૮ – રૂ. ૮)
૫૨ – રૂ. ૩।	૩૦ – રૂ. ૧॥।=	૧૪૪ – રૂ. ૯)
૫૬ – રૂ. ૩॥	૪૦ – રૂ. ૨॥	૧૬૦ – રૂ. ૧૦)
૬૦ – રૂ. ૩॥।	૫૦ – રૂ. ૩)=	૧૭૬ – રૂ. ૧૧)
૬૪ – રૂ. ૪)	૬૦ – રૂ. ૩॥।	૧૯૨ – રૂ. ૧૨)

૨૦૮ ~ રૂ. ૧૩)	૨૫૬ ~ રૂ. ૧૬)	૩૦૪ ~ રૂ. ૧૯)
૨૨૪ ~ રૂ. ૧૪)	૨૭૨ ~ રૂ. ૧૭)	૩૨૦ ~ રૂ. ૨૦)
૨૪૦ ~ રૂ. ૧૫)	૨૮૮ ~ રૂ. ૧૮)	

રૂપીઆભારની ધાત.

રૂ. ભાર		શેર	અધોળ
૧। રૂ. ભાર.		૦)૦।-	૦॥
૨॥	,,	૦)-	૧
૩॥।	,,	૦)-॥	૧॥
૫	,,	૦)=	૨
૬।	,,	૦)=॥	૨॥
૭॥	,,	૦)≡	૩
૮॥।	,,	૦)≡॥	૩॥
૧૦	,,	૦।શેર અથવા૪	
૧૧।	,,	૦।૦॥	૪॥
૧૨॥	,,	૦।-	૫
૧૩॥।	,,	૦।-॥	૫॥
૧૫	,,	૦।=	૬
૧૬।	,,	૦।=॥	૬॥
૧૭॥	,,	૦।≡	૭
૧૮॥।	,,	૦।≡॥	૭॥
૨૦	,,	૦॥	૮
૨૧।	,,	૦॥૦॥	૮॥
૨૨॥	,,	૦॥-	૯
૨૩॥।	,,	૦॥-॥	૯॥
૨૫	,,	૦॥=	૧૦
૨૬।	,,	૦॥=॥	૧૦॥
૨૭॥	,,	૦॥≡	૧૧
૨૮॥।	,,	૦॥≡॥	૧૧॥
૩૦	,,	૦॥।	૧૨
૩૧।	,,	૦॥।૦॥	૧૨॥
૩૨॥	,,	૦॥।-	૧૩
૩૩॥।	,,	૦॥।-॥	૧૩॥
૩૫	,,	૦॥।=	૧૪
૩૬।	,,	૦॥।=॥	૧૪॥
૩૭॥	,,	૦॥।≡	૧૫
૩૮॥।	,,	૦॥।≡॥	૧૫॥
૪૦	,,	૧)	૧૬

ક્ષમાસે. તા. ૧-૧૧-૧૯૨૫